

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 054
Dt.: 28-12-2025,
Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### CWC બેઠકમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું સંબોધન

# ઉદ્યોગપતિઓ માટે કામ કરે છે મોદી સરકાર, ગરીબોના પેટ પર લાત મારી

### ખડગેએ કેન્દ્રની નીતિઓની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે દેશ આ સમયે એવા સમયમાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં લોકતાંત્રિક સંસ્થાઓને કમજોર કરવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મોદી સરકારે મનરેગાનું નામ બદલી નાખતા આજે કોંગ્રેસે કાર્યસમિતિની બેઠક યોજી હતી. જેમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત અનેક નેતાઓએ હાજરી આપી હતી. જેમાં ખડગેએ કેન્દ્ર સરકારની નીતિઓની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે દેશ આ સમયે એવા સમયમાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં લોકતાંત્રિક સંસ્થાઓને કમજોર કરવામાં આવી રહી છે, સંવિધાનની ભાવનાઓને ઠેસ પહોંચાડી સામાન્ય નાગરિકના અધિકારોને સંકુચિત કરવામાં આવી રહ્યા છે. ખડગેએ કોંગ્રેસ નેતાઓને ટકોર કરી કે આ ફક્ત સમીક્ષા કરવાનો સમય નથી, પરંતુ આવનારા સંઘર્ષની દિશા નક્કી કરવાનો નિર્ણાયક મોડ છે.

ખડગેએ શિયાળુ સત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું, કે મોદી સરકારે મનરેગા જેવી ઐતિહાસિક યોજનાને કમજોર કરી કરોડો ગરીબ, મજૂર અને ગ્રામીણ પરિવારોની રોજી-રોટી પર સીધો પ્રહાર કર્યો છે.

તેમણે ગરીબોના પેટ પર પાટુ મારી, પીઠ પાછળ ખંજર ઘોપ્યું છે. ખડગેએ કહ્યું મનરેગાનો અંત કરવો એક યોજનાનો અંત નથી પણ મહાત્મા ગાંધીના વિચારો અને તેમના સન્માન પર હુમલો છે.

કોંગ્રેસ અધ્યક્ષે અહીં સોનિયા ગાંધીના લેખનો પણ ઉલ્લેખ કર્યો હતો, મનરેગાએ ગાંધીજીના સર્વોદયના સપનાને જમીન પર ઉતારવાનું કામ કર્યું, આ યોજનાનો અંત સામૂહિક નૈતિક નિષ્ફળતાને દર્શાવે છે, જેના સામાજિક અને આર્થિક દુષ્પરિણામ લાંબા સમયે દેખાશે.

ખડગેએ યાદ અપાવ્યું કે કામ કરવાનો અધિકાર બંધારણના નીતિ નિર્દેશક અધિકારોની આત્મા છે, જેને UPA સરકારે શિક્ષા, ભોજન, સ્વાસ્થ્ય અને રોજગારના અધિકારોના રૂપમાં મજબૂતી આપી હતી.

ખડગેએ આ સાથે આરોપ મૂકતા કહ્યું, વર્તમાન સરકારની નીતિઓ સામાન્ય નાગરિકના હિતમાં નથી, પરંતુ કેટલાક મોટા ઉદ્યોગપતિને ફાયદો પહોંચાડવા માટે બનાવવામાં આવી રહી છે. તેમણે આ સાથે મહાત્મા ગાંધીના એ વિચારને મૂક્યો હતો જે વિશેષાધિકાર અને એકાધિકારનો વિરોધ કરે છે. ગાંધીજીનું માનવું હતું કે જે વ્યવસ્થા સમાજ સાથે સહભાગી નથી થઈ શક્તિ તે નૈતિક રૂપે સ્વીકાર્ય હોઈ ન શકે,



મોદી સરકાર કોઈ પણ ગંભીર અધ્યયન વગર જ રાજ્યો અને વિપક્ષ સાથે ચર્ચા કર્યા વગર મનરેગાને ખતમ કરી નવો કાયદો લાગુ કરી દીધો. કોંગ્રેસ અધ્યક્ષે હાકલ કરતાં કહ્યું, મનરેગાને બચાવવા રાષ્ટ્રવ્યાપી આંદોલનની જરૂર છે, તેમણે ભરોસો આપ્યો કે જેવી રીતે કૃષિ કાયદા સાથે સંઘર્ષ સફળ રહ્યો તેવી જ રીતે આ મુદ્દા પર જનતાની તાકાત સરકારને ઝૂકવા મજબૂર કરશે. ભવિષ્યમાં મનરેગાનું પુનઃસ્થાપન નક્કી છે.

### હાદીની હત્યામાં ભારતનો હાથ હોવાના આક્ષેપો બદઈરાદાથી પ્રેરિત

# લઘુમતી પર અવિરત અત્યાચાર ગુજારતા તત્વોને બાંગ્લાદેશ સરકાર સજા કરેઃ ભારત

### બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના શાસન દરમિયાન હિન્દુઓની હત્યા, રમખાણ અને મિલકત પચાવી પાડવાના ૨,૯૦૦ બનાવ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાંગ્લાદેશમાં લઘુમતિઓ પર સતત થઈ રહેલા અત્યાચારો સામે ચિંતા વ્યક્ત કરતાં ભારતે હિન્દુ યુવકનું મોબ લિન્ચિંગ કરનારા કટ્ટરવાદી હુમલાખોરોને સજા અપાવવા માગણી કરી હતી. બાંગ્લાદેશના મુખ્ય રાજકીય પક્ષ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી ના કાર્યકારી અધ્યક્ષ તારિક રહેમાનની ૧૭ વર્ષ બાદ ઘરવાપસી બાબતે ભારતે પડોશી દેશમાં મુક્ત, સ્વચ્છ અને સર્વગ્રાહી ચૂંટણીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે કહ્યું હતું કે, તાજેતરમાં બાંગ્લાદેશમાં દીપુ ચંદ્ર દાસની હત્યાને ભારત વખોડી કાઢે છે અને હત્યારાઓને કડક સજા અપાવવા માગણી કરે છે. બાંગ્લાદેશમાં કટ્ટરવાદી તત્વો હિન્દુ ઉપરાંત ખ્રિસ્તી અને બૌદ્ધ લઘુમતીઓ પર અવિરત અત્યાચાર ગુજારી રહ્યા છે. તાજેતરમાં બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યા કરનારા તત્વોને કડક સજા થવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, દીપુ ચંદ્ર દાસની હત્યા મામલે બાંગ્લાદેશ સરકારે ૧૨ લોકોની ધરપકડ કરી છે. બાંગ્લાદેશમાં લઘુમતિ સમાજની કફોડી હાલત અંગે વાત કરતાં રણધીર જયસ્વાલે કહ્યુ હતું કે, વચગાળાની સરકારના કાર્યકાળ દરમિયાન લઘુમતી પર અત્યાચારના ૨૯૦૦ બનાવ નોંધાયા છે. સ્વતંત્ર સ્રોતો પાસેથી મળતી માહિતી મુજબ, લઘુમતિઓની હત્યા, આગચંપી અને મિલકત પચાવી પાડવાના બનાવો સતત વધી રહ્યા છે. આ પ્રકારના બનાવોને મીડિયાની અતિશયોક્તિ કે રાજકીય હિંસામાં ખપાવીને અવગણી શકાય નહીં.યુવા કટ્ટરવાદી નેતા શરીફ ઓસમાન હાદીની હત્યા બાદ બાંગ્લાદેશમાં નવેસરથી રમખાણો ફાટી નીકળ્યા છે. હાદીની હત્યામાં ભારતનો હાથ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે વિદેશ મંત્રાલયના પ્રવકતાએ આ આક્ષેપો ફગાવી દીધા હતા. તેમણે કહ્યુ હતું કે, બાંગ્લાદેશમાં તથ્યહિન નેટેરિવ્સ ઊભાં થઈ રહ્યા છે. ધ્યાન અન્યત્ર ભટકાવવાના બદઈરાદાથી ભારત પર આરોપ મૂકાય છે. બાંગ્લાદેશની આઝાદીના સમયથી ભારત સાથેના સંબંધ સારા રહ્યા છે અને ભારત આ સંબંધ જાળવી રાખવા ઈચ્છુક છે.

# FTA મુદ્દે રોકડું પરખાવ્યું: ભારત માટે પોતાના જ દેશના વિદેશ મંત્રી સાથે બાખડી પડ્યા ન્યૂઝીલેન્ડના પીએમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સને ભારત સાથેના મુક્ત વ્યાપાર કરાર(FTA)ને તેમની સરકારની મોટી સિદ્ધિ ગણાવી છે. લક્સને કહ્યું કે, અમે પ્રથમ ટર્મમાં ભારત સાથે FTA કરવાનું વચન આપ્યું હતું અને તે પૂરું કર્યું છે. જોકે, આ જાહેરાતના ગણતરીના દિવસોમાં જ ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સે આ કરારનો સખત વિરોધ કરીને સરકારની મુશ્કેલી વધારી દીધી છે. પીએમ લક્સને આ સમજૂતીને આર્થિક વિકાસ માટે અત્યંત મહત્ત્વની ગણાવતા કહ્યું કે, આ કરારથી ન્યુઝીલેન્ડ માટે ૧.૪ અબજ ભારતીય ગ્રાહકોનું વિશાળ બજાર ખુલી જશે. તેનાથી દેશમાં રોજગારીની નવી તકો ઊભી થશે, આવકમાં વધારો થશે અને નિકાસને પ્રોત્સાહન મળશે. ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રી અને ન્યુઝીલેન્ડ ફર્સ્ટ પાર્ટીના નેતા વિન્સ્ટન પીટર્સે આ ડીલ સામે ગંભીર વાંધો ઉઠાવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આક્ષેપ કર્યો કે સરકારે ગુણવત્તાને બદલે ઝડપને પ્રાથમિકતા આપી છે. પીટર્સના મતે, આ કરાર ન તો મુક્ત છે અને ન તો ન્યાયી. તેમણે કહ્યું કે, ભારત સાથે ઉતાવળમાં નબળો કરાર ન કરવા મેં ગઠબંધન સહયોગીને ચેતવણી આપી હતી.

વિદેશ મંત્રી પીટર્સના વિરોધ પાછળના મુખ્ય બે કારણો છે:

૧. ડેરી ઉદ્યોગઃ પીટર્સનો આરોપ છે કે ન્યુઝીલેન્ડે ભારત માટે પોતાનું બજાર ખોલ્યું પણ બદલામાં ન્યુઝીલેન્ડના દૂધ, પનીર અને માખણ જેવા ઉત્પાદનો પર ભારત તરફથી ટેરિફમાં કોઈ મોટી રાહત મળી નથી. આ કરાર ખેડૂતોના હિતમાં નથી.

૨. ભારતીય કામદારોઃ તેમણે એવો પણ દાવો કર્યો કે આ ડીલમાં વેપાર કરતા ભારતીય શ્રમિકોની અવરજવર પર વધુ ધ્યાન અપાયું છે. ભારતીયો માટે ખાસ રોજગાર વિઝા કેટેગરી બનાવવામાં આવી છે, જે ઓસ્ટ્રેલિયા કે બ્રિટન જેવા દેશોને પણ અપાઈ નથી. વડાપ્રધાન મોદી અને લક્સન વચ્ચેની વાતચીત બાદ જાહેર થયેલ આ FTA મુજબ, આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ આવી શકે છે. વર્ષ ૨૦૨૪માં બંને દેશો વચ્ચે કુલ ૨.૦૭ અબજ ડોલરનો વેપાર થયો હતો, જેમાં ભારત દવાઓની નિકાસમાં અગ્રેસર છે, જ્યારે ન્યુઝીલેન્ડ કૃષિ ઉત્પાદનોની નિકાસ કરે છે. ન્યુઝીલેન્ડ ઓશેનિયા ક્ષેત્રમાં ભારતનું બીજું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર છે, પરંતુ આ આંતરિક રાજકીય વિવાદ કરારના અમલીકરણમાં અવરોધ ઊભો કરી શકે છે.

# USની નાઈજિરિયામાં ISISના બે અડ્ડાઓ પર એરસ્ટ્રાઈક

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન ડીસી

અમેરિકાએ ગુરુવારની રાત્રે નાઈજીરિયામાં આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના બે સ્થળો પર એરસ્ટ્રાઈક કરી છે.

આ માહિતી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને આપી છે. ટ્રમ્પનો આક્ષેપ છે કે, અહીં આઈએસઆઈએસ ખ્રિસ્તીઓને ટાર્ગેટ બનાવીને ક્રૂર હત્યા કરી રહ્યું છેરાષ્ટ્રપતિ ટ્રમ્પે આતંકવાદીઓને 'આતંકી કચરો' ગણાવીને લખ્યું કે, આ સંગઠન લાંબા સમયથી નિર્દોષ ખ્રિસ્તીઓની હત્યા કરી રહ્યું છે.

આ ઓપરેશનમાં અમેરિકાના સૈન્યે કેટલીક પરફેક્ટ એરસ્ટ્રાઈક કરી છે. આ સાથે ટ્રમ્પે એ બાબત પણ સ્પષ્ટ કરી છે કે, અમેરિકા કટ્ટર ઈસ્લામિક આતંકવાદને પ્રસરવા દેશે નહીં.સોશિયલ મીડિયા પોસ્ટના અંતમાં ટ્રમ્પે લખ્યું કે, માર્યા ગયેલા તમામ આતંકવાદીઓને નાતાલની શુભેચ્છાઓ. જો ખ્રિસ્તીઓની હત્યા ચાલું રહેશે તો આગળ પણ આતંકીઓ માર્યા જશે.

આ સાથે ટ્રમ્પે સંરક્ષણ મંત્રાલયને 'ડિપાર્ટમેન્ટ ઓફ વોર' કહીને સૈન્યના વખાણ કર્યા અને કહ્યું કે આવી નક્કર કાર્યવાહી ફક્ત અમેરિકા જ કરી શકે છે.ઈન્ટરનેશનલ સોસાયટી ફોર સિવિલ લિબર્ટી એન્ડ ધ રુલ ઓફ લોના અહેવાલ મુજબ, નાઈજીરિયામાં જાન્યુઆરીથી ૧૦મી ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં ધાર્મિક હિંસાને કારણે ૭૦૦૦થી વધુ ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવી છે. આ હત્યાઓની જવાબદારી આતંકી સંગઠન - બોકો હરમ અને ફુલાની જેવા આતંકી સંગઠનોએ લીધી છે.

# ગઠબંધનની વાતચીત ફેલ! : મહારાષ્ટ્રમાં કાકા શરદને ૬૮ બેઠક આપવા તૈયાર નથી અજિત પવાર

### પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં એકસાથે લડવાના શરદ પવાર અને અજિત પવારના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (PMC)ની ચૂંટણીમાં એકસાથે લડવાના શરદ પવાર અને અજિત પવારના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. બેઠકોની વહેંચણી અને પક્ષના ચિહ્ન મુદ્દે સર્જાયેલા ગજગ્રાહ બાદ બંને જૂથો વચ્ચેનું સંભવિત જોડાણ તૂટી ગયું છે.

હવે શરદ પવારની NCP (શરદ પવાર જૂથ)એ ફરી એકવાર 'મહાવિકાસ આઘાડી' (MVA)ના સાથી પક્ષો સાથે હાથ મિલાવવાનો નિર્ણય કર્યો છે.

અહેવાલો અનુસાર, છેલ્લા સાત દિવસથી બંને જૂથો વચ્ચે ચાલી રહેલી મેરેથોન બેઠકોમાં મુખ્ય બે મુદ્દાઓ અવરોધ બન્યા હતા. જેમાં શરદ પવાર જૂથે પુણેમાં ૬૮ બેઠકોની માંગણી કરી હતી.

અજિત પવારે આ માંગને 'અવ્યવહારુ' ગણાવી ફગાવી દીધી હતી. જ્યારે અજિત પવારનો આગ્રહ હતો કે ગઠબંધનના તમામ ઉમેદવારો માત્ર NCPના અધિકૃત 'ઘડિયાળ' ચિહ્ન પર જ ચૂંટણી લડે. શરદ પવાર જૂથને લાગ્યું કે જો તેઓ આ શરત માને તો પુણેમાં તેમનું સ્વતંત્ર અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે.

અજિત પવારે બેઠકો ન આપવા પાછળ તર્ક આપ્યો હતો કે, વર્ષ ૨૦૧૭ની PMC ચૂંટણીમાં જ્યારે NCP અખંડ હતી, ત્યારે પણ પાર્ટી માત્ર ૪૩ બેઠકો જીતી શકી હતી. આવી સ્થિતિમાં અત્યારે જ્યારે પક્ષ બે ભાગમાં વહેંચાયેલો છે, ત્યારે ૬૮ બેઠકોની માંગણી તાર્કિક નથી.

અજિત પવાર સાથેની વાતચીત નિષ્ફળ જતાં, સુપ્રિયા સુલે અને જયંત પાટીલ સહિતના વરિષ્ઠ નેતાઓએ તાત્કાલિક બેઠક બોલાવી હતી. જેમાં સર્વાનુમતે નક્કી કરાયું કે, NCP (શરદ પવાર જૂથ) હવે કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સાથે મળીને PMC ચૂંટણી લડશે. ત્રણેય પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી માટે નવી વાટાઘાટો શરૂ કરી દેવામાં આવી છે. જો કે, રસપ્રદ વાત એ છે કે પિંપરી-ચિંચવડમાં બંને NCP જૂથો હજુ પણ સાથે મળીને ચૂંટણી લડે તેવી શક્યતા સેવાઈ રહી છે.

શરદ પવાર જૂથના ફરી MVAમાં જોડાવાથી પુણેમાં ત્રિપાંખિયો જંગ જોવા મળી શકે છે. એક તરફ ભાજપ-શિવસેના (શિંદે જૂથ)ની મહાયુતિ, બીજી તરફ અજિત પવારની NCP અને ત્રીજી તરફ કોંગ્રેસ-UBT-NCP (શરદ પવાર જૂથ)નું મહાવિકાસ આઘાડી ગઠબંધન આમને-સામને હશે.

### નરેન્દ્ર મોદીની જમીન પર બેસેલી તસવીર શેર કરી

# કોંગ્રેસના જૂના જોગીએ મોદી-RSSના વખાણ કરતાં રાજકારણ ગરમાયું!

### દિગ્વિજય સિંહે સંગઠન શક્તિની પ્રશંસા કરીને રાહુલ ગાંધીને પક્ષના સંગઠન પર ધ્યાન આપવાની મહત્ત્વની સલાહ આપી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે સોશિયલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક જૂની તસવીર શેર કરીને રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. આ તસવીરમાં નરેન્દ્ર મોદી જમીન પર બેઠેલા જોવા મળે છે. દિગ્વિજય સિંહે આ ફોટો દ્વારા ભાજપ અને RSSની સંગઠન શક્તિની પ્રશંસા કરી છે અને સાથે જ રાહુલ ગાંધીને પક્ષના સંગઠન પર ધ્યાન આપવાની મહત્ત્વની સલાહ આપી છે.

દિગ્વિજય સિંહે એક્સ પર પોસ્ટ કરતાં લખ્યું કે, 'આ તસવીર મને ક્વોરા સાઈટ પર મળી હતી, જે ખૂબ જ પ્રભાવશાળી છે. કેવી રીતે આરએસએસનો એક સામાન્ય સ્વયંસેવક, જનસંઘ કે ભાજપનો કાર્યકર નેતાઓના ચરણોમાં જમીન પર બેસીને પહેલા રાજ્યના મુખ્યમંત્રી અને ત્યારબાદ દેશના વડાપ્રધાન બન્યા. આ જ સંગઠનની શક્તિ છે.' તેમણે આ ઘટનાક્રમને સંગઠન દ્વારા મળતી શક્તિનું જીવંત ઉદાહરણ ગણાવ્યું હતું. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, કોઈપણ રાજકીય પક્ષની ખરી શક્તિ તેના કેડર અને મજબૂત સંગઠન માળખામાં રહેલી હોય છે.

દિગ્વિજય સિંહે માત્ર વિરોધ પક્ષની પ્રશંસા જ નથી કરી, પરંતુ પોતાની જ પાર્ટીના નેતા રાહુલ ગાંધીને પણ ગંભીર ટકોર કરી છે. તેમણે પોતાની અન્ય એક પોસ્ટમાં સ્વીકાર્યું કે, 'સામાજિક અને આર્થિક મુદ્દાઓ પર રાહુલ ગાંધીની સમજ ખૂબ જ સચોટ છે અને તે બાબતમાં તેમને પૂરેપૂરા ગુણ મળવા જોઈએ. જોકે, હવે સમય આવી ગયો છે કે રાહુલ ગાંધી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સંગઠનને મજબૂત કરવા પર પણ એટલું જ ધ્યાન આપે.'

દિગ્વિજય સિંહના મતે કોંગ્રેસ પાર્ટીમાં અત્યારે મોટા માળખાગત ફેરફારોની જરૂર છે. તેમણે ચૂંટણી પંચના સુધારાની તુલના પક્ષના આંતરિક સુધારા સાથે કરી હતી. તેમણે લખ્યું કે. 'રાહુલ ગાંધીએ સંગઠન સર્જનની શરુઆત કરી છે, પરંતુ હવે પક્ષને યોગ્ય રીતે ચલાવવાની જરૂર છે. રાહુલ ગાંધી આ ફેરફારો લાવી શકે છે, જોકે તેમને મનાવવા સરળ કામ નથી.' પોસ્ટ અંગે હોબાળો મચ્યા બાદ દિગ્વિજય સિંહે સ્પષ્ટતા કરી હતી કે, તેઓ આરએસએસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિચારધારાના પ્રખર વિરોધી છે, પરંતુ તેઓ હંમેશા મજબૂત સંગઠન પ્રક્રિયાના હિમાયતી રહ્યા છે. તેમણે માત્ર સંગઠન શક્તિના મહત્ત્વને દર્શાવવા માટે આ ટિપ્પણી કરી હોવાનું જણાવ્યું હતું.



# તંત્રી લેખ......

## તારિક રહેમાનના પાછા ફર્યા પછી યુનુસ સરકાર પર દબાણ વધ્યું છે

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન ૧૭ વર્ષના સ્વ-નિર્વાસ પછી ગુરુવારે દેશમાં પાછા ફર્યા છે અને તેમને આગામી વડા પ્રધાન માનવામાં આવી રહ્યા છે. દરમિયાન, વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસની મુશ્કેલીઓ વધી રહી છે. તેમણે જે કટ્ટરપંથીઓને ઉછેર્યા હતા તે હવે દેશમાં શાંતિ અને સુમેળ માટે પડકાર બની ગયા છે. ગંભીર આરોપો. શેખ હસીનાની હકાલપટ્ટી પછી, વિદ્યાર્થી નેતાઓએ મોહમ્મદ યુનુસને એવી આશા સોંપી કે તેઓ એક સારી વ્યવસ્થાનો પાયો નાખવામાં મદદ કરશે. જોકે, આ આશા થોડા મહિનામાં જ ઝાંખી પડવા લાગી, અને ચૂંટણીઓ પર પરિણામી ઝઘડો સૂચવે છે કે લડાઈ હવે પ્રણાલીગત પરિવર્તન વિશે નહીં, પરંતુ સત્તા કબજે કરવા વિશે છે. આ સંદર્ભમાં, કટ્ટરપંથી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા પછી તેમના ભાઈ દ્વારા લગાવવામાં આવેલા આરોપો અત્યંત ગંભીર છે. ઉગ્રવાદીઓ દ્વારા કાવતરું. હાદીના ભાઈનો દાવો છે કે સરકાર સાથે સંકળાયેલા લોકોએ ચૂંટણી મુલતવી રાખવા માટે હાદીની હત્યા કરાવી હતી. આ ચૂંટણી પહેલાથી જ શંકાના ઘેરામાં ઘેરાયેલી છે કારણ કે તમામ પક્ષો માટે સમાન તકોનો અભાવ છે. આ આરોપ સૂચવે છે કે સત્તામાં રહેલા કેટલાક તત્વો ઈરાદાપૂર્વક બાંગ્લાદેશને અસ્થિરતા તરફ દોરી રહ્યા છે અને ખોટા ભારત વિરોધી કથા બનાવવામાં પણ સામેલ છે. પ્રશ્નો ભારે થશે. હાદી જુલાઈ ક્રાંતિમાંથી ઉભરી આવેલા એક યુવાન, કટ્ટરપંથી નેતા હતા. બાંગ્લાદેશના વર્તમાન વાતાવરણમાં તેમનું કદ નોંધપાત્ર રીતે વધ્યું છે, અને તેમના પરિવાર દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો મોહમ્મદ યુનુસ પર ભારે પડી શકે છે. નબળા કાયદો અને વ્યવસ્થા અને લઘુમતીઓ પરના અત્યાચારો અંગે પગલાં લેવા માટે તેમના પર પહેલાથી જ આંતરરાષ્ટ્રીય મંચો તરફથી દબાણ છે. નિષ્પક્ષતા અંગે શંકાઓ. શરૂઆતથી જ શંકા હતી કે શેખ હસીનાની પાર્ટીને ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે. હવે સરકારની સ્પષ્ટતા આવી છે, અને તે પણ જે દિવસે તારિક રહેમાન દેશમાં પરત ફર્યા. આ સંયોગ ન હોઈ શકે. વિવિધ કેસોનો સામનો કરી રહેલા તારિકને વચગાળાની સરકાર તરફથી રાહત મળી, જેનાથી તેમના પાછા ફરવાનો માર્ગ મોકળો થયો. તેમને વડા પ્રધાન પદના દાવેદાર માનવામાં આવે છે. તેમનો પક્ષ, બીએનપી, હાલમાં આગામી સામાન્ય ચૂંટણીઓ જીતવા માટે સૌથી મજબૂત સ્થિતિમાં છે. પરંતુ શું આવામી લીગ વિના યોજાનારી આ ચૂંટણીને બાંગ્લાદેશના લોકોનો સાચો મત માનવામાં આવશે?

બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનનું ડિફેન્સ બજેટ પહેલી વખત આટલું થયું

# ચીનનો ભય વધતાં જાપાને ડિફેન્સ બજેટ વધારી ૫૮ અબજ ડોલર કર્યુ

જાપાને મિસાઈલ સિસ્ટમ વધુ અત્યાધુનિક બનાવી અને ઈઝરાયેલના ગોલ્ડન ડોમ જેવી સિસ્ટમ પણ વિકસાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોક્યો

ચીનના વધતા જતાં ભયના કારણે જાપાને પણ બુદ્ધનો માર્ગ છોડીને ખાંડા ખખડાવવા માંડયા છે. જાપાનની કેબિનેટે દેશના ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા ૯ ટ્રિલિયન યેન (૫૮ અબજ ડોલર)ના ડિફેન્સ બજેટને મંજૂરી આપી છે. આ બજેટ રૂપિયામાં ૫.૨૫ લાખ કરોડ જેટલું થાય છે.

૨૦૨૬ના ડ્રાફ્ટ બજેટમાં એપ્રિલ ૨૦૨૫ની તુલનાએ ૯.૪ ટકાનો વધારો દર્શાવાયો છે. આમ જાપાને સળંગ ચોથા વર્ષે તેના ડિફેન્સ બજેટમાં વધારો કર્યો છે. જાપાન તેના સંરક્ષણ ખર્ચ જીડીપીના બે ટકા લઈ જવા માંગે છે. જાપાનના વડાપ્રધાન પદે તાકાઈચીએ સત્તા સંભાળ્યા પછી જણાવ્યું છે કે ચીન જો તાઈવાન પર હુમલો કરશે તો અમે ચોક્કસ તેની મદદે જઈશું. તેની સાથે તેમણે જાપાની સમુદ્ર વિસ્તારની જોડે ચીનની વધતી જતી લશ્કરી પ્રવૃત્તિને જોખમી ગણાવી હતી.

ભારતનું સંરક્ષણ બજેટ અંદાજે સાત લાખ કરોડ-એટલે કે ૮૧ અબજ ડોલરનું છે. જાપાન ટૂંક સમયમાં ડિફેન્સ બજેટમાં ભારતની લગોલગ પહોંચી જઈ શકે. અમેરિકા દ્વારા લશ્કરી ખર્ચમાં વધારો કરવાના દબાણને લઈને તાકાઈચી સરકારે માર્ચ સુધીમાં જીડીપીના બે ટકા સુધીનો લશ્કરી ખર્ચ હાંસલ કરવાનો લક્ષ્યાંક મૂક્યો છે. આમ તેઓ નિયત લક્ષ્યાંકને બે વર્ષ પહેલાં જ હાંસલ કરવા માંગે છે. જાપાન તેના લશ્કરને મજબૂત બનાવવા ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તેની સુરક્ષા અને સંરક્ષણ નીતિમાં પણ ફેરફાર કરવાનું આયોજન ધરાવે છે.જાપાન હવે પોતે જ લાંબી રેન્જના મિસાઈલો વિકસાવી રહ્યુ છે, આમ તેણે બીજા વિશ્વયુદ્ધ પછી પોતાના પર લાદેલું સ્વનિયંત્રણ ચીનના ડરના કારણે છોડયું છે. જાપાનની વર્તમાન સુરક્ષા વ્યૂહરચના મુજબ ૨૦૨૨માં ચીનને દેશની સામેનો સૌથી મોટો વ્યૂહાત્મક પડકાર ગણાવ્યો હતો. જાપાનનું લશ્કર અમેરિકાના સહયોગમાં હવે વધુને વધુ પ્રમાણમાં આક્રમક ભૂમિકા અદા કરવાની તૈયારી કરી રહ્યું છે.જાપાને તેની મિસાઈલ ક્ષમતા વિસ્તારવા માટે જ ૯૭૦ અબજ યેન એટલે કે ૬.૨ અબજ ડોલર ફાળવ્યા છે. માર્ચમાં તેની પ્રથમ બેચ સરહદ પર ગોઠવાઈ પણ જશે. જાપાનના અપગ્રેડેડ કરાયેલા મિસાઈલ ટાઈપ-ટુની રેન્જ ૧૦૦૦ કિ.મી.ની છે. આ ઉપરાંત જાપાન ઈઝરાયેલના ગોલ્ડન ડોમ જેવી સિસ્ટમ શીલ્ડ ૨૦૨૮ સુધીમાં તૈયાર કરવા આયોજન કરી રહ્યું છે. તેમા સર્વેલન્સ માટે અનમેન્ડ એર, સી સરફેસ અને અંડર વોટર ડ્રોન ગોઠવવામા આવશે અને વળતો જવાબ આપતી પ્રણાલિ પણ હશે. તેના પાછળ જાપાન ૧૦૦ અબજ યેન એટલે ક ૬૪ કરોડ ડોલર ખર્ચશે. ચીનના વિદેશ વિભાગના પ્રવકતાએ જણાવ્યું હતું કે નવા પીએમના નેતૃત્વમાં જાપાન શાંતિપૂર્ણ વિકાસનો માર્ગ છોડીને જોખમી દિશામાં આગળ વધી રહ્યું છે.

વાંચનની ટેવ પાડવાનો, સ્ક્રીન ટાઈમમાં ઘટાડો કરવાનો ઉદ્દેશ

# UPની સ્કૂલોમાં વિદ્યાર્થીઓ માટે વર્તમાનપત્રનું વાંચન ફરજિયાત

જુનિયર વિદ્યાર્થીઓમાં ન્યૂઝ કટીંગનો ઉપયોગ કરી સ્ક્રેપબુક બનાવવાને પ્રોત્સાહન આપવા માટે પણ સ્કૂલોને સૂચના અપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

સ્કૂલોમાં બાળકોમાં વાંચનની ટેવ પાડવા તથા મોબાઈલ અને સ્ક્રીન ટાઈમમાં ઘટાડો કરવા ઉત્તરપ્રદેશની યોગી સરકારે એક અનોખી પહેલ કરી છે. સરકારે રાજ્યની તમામ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે વર્તમાનપત્રનું વાંચન ફરજિયાત બનાવ્યું છે. સરકારની માર્ગદર્શિકા મુજબ વિદ્યાર્થીઓએ હવે દૈનિક પ્રવૃત્તિ તરીકે અખબાર વાંચવું પડશે. બાળકોમાં તાર્કિક અને વિવેચનાત્મક વિચારસરણીને મજબૂત બનાવવાનો પણ સરકારનો ઉદ્દેશ છે.રાજ્યના અધિક મુખ્ય સચિવ (માધ્યમિક અને મૂળભૂત પ્રાથમિક શિક્ષણ) પાર્થ સારથી સેન શર્માએ ૨૩ ડિસેમ્બરે આ આદેશ જારી કર્યો હતો. તેમાં સરકારની નવી પહેલની વિગતવાર માહિતી અપાઈ છે. આદેશ મુજબ શાળાના પુસ્તકાલયોમાં હિન્દી અને અંગ્રેજી બંને ભાષાના અખબારો ઉપલબ્ધ કરાવવા પડશે.આ આદેશમાં જણાવવામાં આવ્યું છે કે સવારની પ્રાર્થના દરમિયાન ઓછામાં ઓછા ૧૦ મિનિટ અખબાર વાંચન માટે દરરોજ ફાળવવી જોઈએ. આ સમય દરમિયાન વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને રમતગમતના સમાચારો વારાફરતી વાંચશે. વિદ્યાર્થીઓ 'દિવસનો શબ્દ' કવાયત પણ કરશે. તેમાં અખબારોના પાંચ મુશ્કેલ શબ્દો પસંદ કરાશે અને શબ્દભંડોળ વધારવા માટે નોટિસ બોર્ડ પર લખવામાં આવશે.અખબાર વાંચનના ફાયદાનો ઉલ્લેખ કરીને સરકારે જણાવ્યું હતું કે આ પહેલથી વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન, શબ્દભંડોળ, વિવેચનાત્મક વિચારસરણી, એકાગ્રતા અને સામાજિક જાગૃતિમાં વધારો થશે. તેનાથી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વધુ સારી રીતે તૈયાર કરી શકાશે અને ફેક ન્યૂઝના દૂષણથી બચાવી શકાશે.અખબાર વાંચન ઉપરાંત ધો. ૯ થી ૧૨ વિદ્યાર્થીઓને પોતાની શાળાના અખબારો અથવા સામયિકો પ્રકાશિત કરવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે પણ પ્રોત્સાહિત કરશે. વિદ્યાર્થીઓને સંપાદકીય-આધારિત લેખન અથવા ગ્રુપ ડિસ્કશન, ક્રોસવર્ડ અને સુડોકુ સ્પર્ધાઓનું આયોજન કરવા માટે પણ પ્રોત્સાહિત કરાશે. જુનિયર વિદ્યાર્થીઓમાં ન્યૂઝ કટીંગનો ઉપયોગ કરી સ્ક્રેપબુક બનાવવાને પ્રોત્સાહન આપવા માટે પણ સ્કૂલોને સૂચના અપાઈ છે.અગાઉ સરકારે ૨ નવેમ્બરે એક આદેશ જારી કરીને વિદ્યાર્થીઓમાં પુસ્તક વાંચનની ટેવ કેળવવા તથા સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગને રોકવા માટે વ્યાપક વાંચન અભિયાન હાથ ધર્યુ હતું. સરકારે 'નો બુકે, ઓન્લી બુક' ઝુંબેશ પણ શરૂ કરી છે, જે હેઠળ શાળાના કાર્યક્રમોમાં ટ્રોફીને બદલે પુસ્તકો ભેટમાં આપવામાં આવશે.

# ભારત વાપસીના મળ્યા સંકેતઃ વિજય માલ્યા-લલિત મોદીના પ્રત્યાર્પણનું કાઉન્ટડાઉન શરૂ?

રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત સરકાર આપણા કાયદાથી ભાગેલા અથવા ભાગી રહેલા લોકોને પાછા લાવવા પ્રતિબદ્ધ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ભાગેડુ ઉદ્યોગપતિ લલિત મોદી અને વિજય માલ્યાના દેશમાં પાછા ફરવામાં થયેલા વિલંબ અને તેમને ક્યારે પાછા લાવવામાં આવશે તે અંગે માહિતી આપી છે. જયસ્વાલને લલિત મોદીના વાયરલ વીડિયો વિશે પૂછવામાં આવ્યું હતું, જેમાં તેમણે વિજય માલ્યા સાથે પોતાને ભારતના સૌથી મોટા ભાગેડુ ગણાવ્યા હતા. વિજય માલ્યા પોતે અને તેની ભાગીદાર પિંકી લાલવાણી વીડિયોમાં જોતા જોવા મળ્યા હતા.



રણધીર જયસ્વાલને પૂછવામાં આવ્યું હતું કે શું લલિત મોદી અને વિજય માલ્યા જાણી જોઈને આવું કરીને ભારતીય એજન્સીઓને ઉશ્કેરી રહ્યા છે. તેમણે પરિસ્થિતિ અને એજન્સીઓ આ કેસમાં વિલંબ કેમ કરી રહી છે તે અંગે અપડેટ માંગ્યું હતું. જવાબમાં રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત સરકાર આપણા કાયદાથી ભાગેલા અથવા ભાગી રહેલા તમામ લોકોને પાછા લાવવા માટે પ્રતિબદ્ધ છે. રણધીર જયસ્વાલે કહ્યું, "અમે કાયદા દ્વારા વોન્ટેડ અને ભારતમાંથી ફરાર લોકોને પાછા લાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. અમે સરકારો સાથે ચર્ચા કરી રહ્યા છીએ અને આ પ્રક્રિયા ચાલુ છે. આમાં અનેક કાનૂની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે, પરંતુ અમે તેમને દેશમાં પાછા લાવવા માટે પ્રતિબદ્ધ છીએ જેથી તેઓ અહીંની અદાલતોમાં કેસનો સામનો કરી શકે." નોંધનીય છે કે લલિત મોદીએ તાજેતરમાં વિજય માલ્યાના જન્મદિવસની પાર્ટીનો એક વીડિયો બહાર પાડ્યો હતો, જેમાં તેમણે પોતાને ભારતના બે સૌથી મોટા ભાગેડુઓમાંના એક તરીકે ગણાવ્યા હતા. આ વીડિયો લલિત મોદીએ પોતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કર્યો હતો. આ વાયરલ વીડિયોમાં લલિત મોદી હસતા હસતા કહે છે, "અમે ભારતના સૌથી મોટા ભાગેડુ છીએ." તેમણે પોતાની પોસ્ટને કેપ્શન આપ્યું, "ચલો હું કંઈક એવું કરું જે ઈન્ટરનેટ પર છવાઈ જાય. ઈર્ષ્યાથી તમારું દિલ ફાડી જાય." ગઈકાલે, કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે સંકેત આપ્યો હતો કે માલ્યા અને લલિત મોદીને ટૂંક સમયમાં ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે. ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી તહવ્વુર રાણાના પ્રત્યાર્પણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, "કોઈએ કલ્પના પણ નહોતી કરી કે આતંકવાદીઓને પ્રત્યાર્પણ કરી શકાય છે, પરંતુ તેમાંથી એકને પાછો લાવવામાં આવ્યો છે."

પથ્થરમારો થતાં કાર્યક્રમ અધવચ્ચે રદ

# બાંગ્લાદેશમાં રોકસ્ટાર જેમ્સની કોન્સર્ટમાં ટોળાનો હુમલો

તાજેતરના સમયમાં, બાંગ્લાદેશના રસ્તાઓ પર કટ્ટરપંથી અને ઉગ્રવાદી ઈસ્લામિક ટોળાઓનું વર્ચસ્વ વધી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાંગ્લાદેશમાં કલાકારો, પર્ફોર્મર્સ અને સાંસ્કૃતિક સંસ્થાઓ પર કટ્ટરપંથી હુમલાઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. તાજેતરની ઘટના ઢાકાથી લગભગ ૧૨૦ કિલોમીટર દૂર આવેલા ફરીદપુરની છે, જ્યાં લોકપ્રિય ગાયક જેમ્સનો કોન્સર્ટ હિંસા અને પથ્થરમારાને કારણે રદ કરવો પડ્યો હતો.કોન્સર્ટ શરૂ થાય તે પહેલાં જ હુમલોસ્થાનિક અહેવાલો અનુસાર, આ કાર્યક્રમ શુક્રવારે રાત્રે ૯ વાગ્યે એક શાળાની વર્ષગાંઠ નિમિત્તે યોજાવાનો હતો. પરંતુ તે શરૂ થાય તે પહેલાં જ, બહારથી આવેલા એક જૂથે બળજબરીથી સ્થળમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો અને ભીડ પર પથ્થરમારો શરૂ કરી દીધો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં વિદ્યાર્થીઓએ હુમલાખોરોનો સામનો કર્યો, પરંતુ પરિસ્થિતિ કાબૂ બહાર જતાં સ્થાનિક વહીવટીતંત્રના નિર્દેશ પર કોન્સર્ટ રદ કરી દેવામાં આવ્યો હતો.આ ઘટના પર પ્રતિક્રિયા આપતા, લેખિકા તસલીમા નસરીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, "જેહાદીઓએ જેમ્સને પર્ફોર્મ કરવા દીધું નહીં". તેમણે આ ઘટનાને બાંગ્લાદેશમાં કલા અને સંસ્કૃતિ પર વધી રહેલા હુમલાઓનું નવું ઉદાહરણ ગણાવ્યું.તાજેતરના સમયમાં, બાંગ્લાદેશના રસ્તાઓ પર કટ્ટરપંથી અને ઉગ્રવાદી ઈસ્લામિક ટોળાઓનું વર્ચસ્વ વધી રહ્યું છે અને સરકારી તંત્ર પર આંખ આડા કાન કરવાનો આરોપ લાગી રહ્યો છે. આ માહોલમાં કલાકારો, પત્રકારો અને ઘણા મીડિયા હાઉસ હુમલાનો શિકાર બન્યા છે.

આ પહેલા પણ છાયાનટ અને ઉદિચી જેવી પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક સંસ્થાઓને નિશાન બનાવવામાં આવી ચૂકી છે.આરોપ છે કે મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકાર આ ટોળાઓ પર કાબૂ મેળવવામાં નિષ્ફળ રહી છે. વિવેચકો એવો પણ દાવો કરી રહ્યા છે કે ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીઓને ટાળવા માટે હિંસા અને આગચંપીની આ ઘટનાઓને ઈરાદાપૂર્વક પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

'સિક્સ સેન્સ'ના ભરોસે ન્યાય

# દુષ્કર્મના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાએ સૌને ચોંકાવ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સુપ્રીમ કોર્ટે એક અનોખો અને ઐતિહાસિક નિર્ણય સંભળાવતા, દુષ્કર્મના કેસમાં ૧૦ વર્ષની જેલ ભોગવી રહેલા એક યુવકને નિર્દોષ જાહેર કરીને જેલમાંથી મુક્ત કર્યો છે. કોર્ટે પોતાની 'સિક્સ સેન્સ'(સૂઝબૂઝ) વાપરીને જોયું કે આ મામલો બળાત્કારનો નહીં પણ માત્ર ગેરસમજણનો હતો. કોર્ટના પ્રયાસોથી જે યુવતીએ ફરિયાદ કરી હતી તેની સાથે જ યુવકના લગ્ન થયા છે અને હવે બંને સુખી જીવન જીવી રહ્યા છે. આટલું જ નહીં, કોર્ટે એ યુવકની સરકારી નોકરી પણ પાછી અપાવવાનો આદેશ આપ્યો છે.?જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માએ માનવતાવાદી અભિગમ અપનાવી, પક્ષકારો સાથે ચેમ્બરમાં રૂબરૂ વાતચીત કરી. કોર્ટે પોતાની 'સિક્સ્થ સેન્સ' (આંતરસૂઝ) થી પારખ્યું કે આ કેસ બળાત્કારનો નહીં પણ ગેરસમજનો હતો અને બંનેને ફરી સાથે લાવીને ન્યાય અપાવ્યો.સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કર્યો. કોર્ટની દેખરેખ હેઠળ જ જુલાઈમાં બંનેના લગ્ન કરાવવામાં આવ્યા. લગ્નના પાંચ મહિના બાદ જ્યારે કોર્ટને ખાતરી થઈ કે બંને પતિ-પત્ની તરીકે સુખી જીવન જીવી રહ્યા છે, ત્યારે અંતિમ ચુકાદો આપતા **FIR** અને સજા બંને રદ કરી દીધા.કોર્ટે માનવતાવાદી અભિગમ અપનાવતા યુવકને મોટી રાહત આપી છે. મધ્યપ્રદેશના સાગરની જે હોસ્પિટલમાં તે નોકરી કરતો હતો, ત્યાં તેને તાત્કાલિક અસરથી ફરી નોકરી પર રાખવા અને જેલના સમયગાળા દરમિયાનનો બાકી પગાર(એરિયર્સ) ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

૨૫ ડિસેમ્બરે ક્રિસમસ ઉપર પણ ગિગ વર્કર્સ કામથી અળગા રહ્યા

# ડિલિવરી બોય, કેબ ડ્રાઈવર સહિતના ગિગ વર્કર્સની ૩૧મીએ હડતાળની ચીમકી

આવકનું પારદર્શક માળખું, સુરક્ષા, ઓવરટાઈમ, વીમો, બીમારી અને કટોકટીમાં સહાય વગેરે માગણીઓ સંતોષવા માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં ૩૧ ડિસેમ્બરે ઘરે બેઠા ઓનલાઈન સામાન, સેવા કે જમવાનું મંગાવવાની યોજના હોય તો તમારી પાર્ટીના રંગમાં ભંગ પડી શકે છે. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ગિગ વર્કર્સ (ઓનલાઈન પ્લેટફોર્મ આધારિત ડિલિવરી કરતા લોકો)એ ૩૧ ડિસેમ્બરે દેશ વ્યાપી હતડાળનું એલાન આપ્યું છે. જો તેઓની માગણીઓ પર વિચાર નહીં કરવામાં આવે તો તેઓ હડતાળનું હથિયાર ઉગામશે જેનાથી દેશવાસીઓની પાર્ટી ખરાબ થવાની શક્યતા છે. ડિલિવરી એક્ઝિક્યુટિવ્સ, કેબ ડ્રાઈવર્સ, હોમ સર્વિસ વર્કર્સ સહિત મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મના ગિગ કામદારોએ પગાર, સુરક્ષા અને કામની સ્થિતિને સુધારવાની માગણી સાથે હડતાળની ચીકમી ઉચ્ચારી છે. તાજેરમાં ૨૫ ડિસેમ્બરે ક્રિસમસ ઉપર પણ ગિગ વર્કર્સ કામથી અળગા રહ્યા હતા જેની અસર ગુરુગ્રામ સહિતના શહેરોમાં જોવા મળી હતી. દિલ્હી અને નોઈડામાં તેની મર્યાદિત અસર રહી હતી.ઈન્ડિયન ફેડરેશન ઓફ એપ બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સ (આઈએફએટી) અને તેલંગણા ગિલ એન્ડ પ્લેટફોર્મ વર્કર્સ યુનિયને હડતાળનું એલાન આપ્યું છે. સ્વિગી, ઝોમેટો, ઝેપ્ટો, બ્લિન્કિટ, એમેઝોન અને ફ્લિપકાર્ટ સહિતના ઈ-કોમર્સ પ્લેટફોર્મના કામદારો તેમાં સામેલ છે.ક્રિસમસ ઉપર ગિગ એન્ડ પ્લેટફોર્મ સર્વિસ વર્કર્સ યુનિયન (જીઆઈપીએસડબલ્યુયુ) એક દિવસ કામથી અળગા રહેવાનો નિર્ણય કર્યો હતો જેની વ્યાપક અસર ઉત્તરના કેટલાક ભાગોમાં જોવા મળી હતી. ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા આવકનું પારદર્શક માળખું અપનાવવાની મુખ્ય માંગ આ કામદારો કરી રહ્યા છે. આ ઉપરાંત તેઓ સુરક્ષા, ઓવરટાઈમ, વીમો, બીમારી અને કટોકટીમાં સહાય વગેરે માગણીઓ સંતોષવા માંગ કરી રહ્યા છે. ખાસ કરીને પ્રવર્તમાન સમયમાં કેટલીક એપ ઝડપી ડિલિવરી પહોંચાડવાનો દાવો કરે છે જેમાં જીવનું જોખમ હોવાથી ૧૦ મિનિટમાં ડિલિવરી જેવા અલ્ટ્રા ફાસ્ટ મોડલને બંધ કરવાની પણ માંગ ગિગ વર્કર્સ કરી રહ્યા છે. આવકની સુરક્ષા સાથે જ દિવસના આઠ કલાક કામ નિયત કરવા માગ છે અને ઓવરટાઈમ આપવાની માગણી તો કરી રહ્યા છે. સાથે જ સામાજિક સુરક્ષાના ભાગરૂપે બીમારી અને કટોકટીમાં સહાયની માગણી યુનિયને કરી છે. એક ગિગ વર્કરે દાવો કર્યો છે કે, તહેવારોના સમયગાળામાં કંપનીઓ સર્વોચ્ચ નફો કરે છે તેમ છતાં મુખ્ય સ્તભ ગણાતા ડિલિવરી એક્ઝિક્યુટિવ્સની સ્થિતિ કથળેલી રહે છે. વારંવાર હડતાળ દ્વારા અમારી માગણીઓને સ્વીકારવા કંપનીઓ પર દબાણ લાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

મનપાની બેદરકારીએ યુવકનો લીધો જીવ

# વડોદરામાં નિવૃત Dy SPનો પુત્ર ખુલ્લી ગટરમાં ખાબક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના માંજલપુર વિસ્તારમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી એક યુવકનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. માંજલપુર સ્પોટ્સ કોમ્પ્લેક્સ પાસે ડ્રેનેજ લાઈનની કામગીરી ચાલતી હતી, પણ ગટર ખુલ્લી રખાઈ હતી. જ્યારે યુવક ખુલ્લી ગટરમાં પડ્યો હોવાની જાણ થતાં ફાયર વિભાગની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી યુવકનું રેસ્ક્યૂ કરવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં સ્થાનિકોએ સાથે મળીને દોરડા વડે યુવકને બહાર કઢાયો હતો અને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. માંજલપુર સ્પોટ્સ કોમ્પ્લેક્સ પાસે પાણીની ટાંકીની બહાર પાઈપલાઈન નાખવાનું કામ ચાલતું હોવાથી મોટી પાઈપોનો ખડકલો પડ્યો હતો. નજીકમાં લારીઓ પણ હતી અને અંધારું હોવાથી કોર્પોરેશનનું ચેતવણીનું બોર્ડ જોઈ શકાય તેમ ન હતું. આ વખતે એક યુવક ત્યાંથી પસાર થતો હોવાથી ૩૦ ફૂટ ઊંડી અને ખુલ્લી ગટરમાં પડી ગયો હતો. જેથી તેની સાથેની મહિલાએ બૂમાબૂમ કરતા લોકો દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. લગભગ અડધો કલાકની જહેમત બાદ યુવકને બહાર કાઢવામાં આવ્યો હતો. આ યુવકનું નામ વિપુલસિંહ ઝાલા હોવાનું અને નિવૃત્ત પોલીસ અધિકારીનો પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.બે દિવસ પહેલા ગીર સોમનાથના તાલાલા-સાસણ રોડ પર તંત્રના પાપે ખુલ્લી રહી ગયેલી ગટરમાં એક ૧૦ વર્ષનું બાળક ચાલતા-ચાલતા પડી ગયું હતું. જોકે, સદનસીબે સ્થાનિકોની સમયસૂચકતાથી બાળકનો આબાદ બચાવ થયો હતો, પણ જો જીવ જતો રહ્યો હોત તો જવાબદાર કોણ?

# મલેશિયાના પૂર્વ વડાપ્રધાનને ભ્રષ્ટાચાર બદલ ૧૫ વર્ષની જેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મલેશિયાના ભૂતપૂર્વ વડાપ્રધાન નજીબ રઝાકને તેમના શાસન કાળમાં કૌભાંડ કરવા ભારે પડી ગયા છે.તેમને વનએમડીબી સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડમાં ૪.૫ અબજ ડોલરથી પણ વધુ રકમની ચલાવેલી લૂંટના કેસમાં ૧૩.૫ અબજ રિંગિટ (૨.૮ અબજ ડોલર) નો દંડ ફટકારવામાં આવ્યો છે અને ૧૫ વર્ષની સજા ફટકારવામાં આવી છે. દંડ ન ભર્યો તો બીજા પાંચ વર્ષ વધુ સજા થશે. તેની પત્ની રોસમાહ મન્સૂરને પણ ભ્રષ્ટાચારના બીજા કેસમાં દસ વર્ષની સજા થઈ છે અને હાલમાં તે જામીન પર બહાર છે. તેમણે પોતે જ પીએમ તરીકેના કાર્યકાળ વખતે ૨૦૦૯ માં વન એમડીબી ડેવલપમેન્ટ ફંડની સ્થાપના કરી હતી.તેઓ પોતે જ આ એડવાઈઝરી બોર્ડના ચેરપર્સન હતા અને નાણાપ્રધાન તથા વડાપ્રધાન તરીકે બોર્ડમાં વીટોની સત્તા પણ ધરાવતા હતા. તેમણે અને તેમના સહયોગીઓએ મળીને ૨૦૦૯ થી ૨૦૧૪ દરમિયાન ફંડમાંથી ૪.૫ અબજ ડોલરની લૂંટ ચલાવીને તેનું અમેરિકા, સિંગાપોર અને સ્વિટ્ઝરલેન્ડમાં રોકાણ કર્યુ હતુ.સત્તાવાળાઓનો દાવો છે કે આ ભંડોળનો ઉપયોગ હોલિવૂડની ફિલ્મોને ફાઈનાન્સ કરવા, હોટેલ ખરીદવા, લકઝરી યાટ ખરીદવા અને ઝવેરાત ખરીદવા કરાયો હતો. છેવટે આ કૌભાંડ સામે જનાક્રોશ ફૂટતા નજીબે ૨૦૧૮માં સત્તા ગુમાવવી પડી હતી. તેમના અબજો ડોલરના કૌભાંડના છાંટા છેક અમેરિકા અને વૈશ્વિક બજારોમાં પડયા હતા. આ કૌભાંડથી વોલસ્ટ્રીટ પણ હચમચી ઉઠયું હતું.

તેના કારણે જાણીતી ઈન્વેસ્ટમેન્ટ ફર્મ ગોલ્ડમેન સાક્સે પણ અમેરિકામાં તપાસનો સામનો કરવો પડયો હતો. નજીબના કૌભાંડને અમેરિકન એટર્ની જનરલે ક્લેપ્ટોક્રેસી નામ આપ્યું હતું. નજીબ મલેશિયામાં જાણીતા રાજકીય કુટુંબની હસ્તી છે. આ કુટુંબ ૧૯૫૭માં બ્રિટનથી મલેશિયા આઝાદ થયું ત્યારથી તેના પર પ્રભુત્વ ધરાવતું હતું.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ

(મો.૭૯૮૪૮૩૬૩૭૧)

પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

## ટર્મિનેટિંગ / ઓરિજિનેટિંગ ટ્રેનોની સુવિધા સાથે ઉત્રાણ સ્ટેશનનો કરવામાં આવી રહ્યો છે વિકાસ , ભારતીય રેલની આગામી ૫ વર્ષોમાં મુખ્ય શહેરોમાં રેલગાડીઓની સંચાલન ક્ષમતા બમણી કરવાની યોજના છે

યાત્રાની માંગમાં સતત થઈ રહેલા તીવ્ર વધારાને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવે દ્વારા આગામી ૫ વર્ષમાં મુખ્ય શહેરોની નવી રેલગાડીઓના સંચાલનની ક્ષમતાને વર્તમાન સ્તરથી બમણી કરવાની યોજના છે.

આગામી વર્ષોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વર્તમાન બુનિયાદી માળખાને મજબૂત બનાવવાની દિશામાં આ મહત્વપૂર્ણ પગલું છે. આ દિશામાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વડોદરા મંડળના પ્રતાપનગર સ્ટેશન પર બે નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું. ઉત્રાણ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૩ અને ૪ ના વિસ્તરણ સાથે અમૃત ભારત સ્ટેશનના તમામ કર્યો પૂર્ણ કરી લેવામાં આવ્યા છે.

ટર્મિનેટિંગ / ઓરિજિનેટિંગ ટ્રેનની સુવિધા સાથે ઉત્રાણ સ્ટેશનનો વિકાસ પ્રસ્તાવિત છે, જેમાં નવા હાઈ લેવલ પ્લેટફોર્મનું નિર્માણ, ઉપદિશાના પ્લેટફોર્મના વિસ્તરણ અને અન્ય યાત્રી સુવિધાઓના કર્યો સામેલ છે.

વડોદરા મંડળ પર શોર્ટ ટર્મ એટલે કે આગામી બે વર્ષમાં રણોલી સ્ટેશન પર ૨ પિટ લાઈનો અને એક સ્ટેબ્લિંગ લાઈનનું નિર્માણ તથા ઉત્રાણ સ્ટેશન પર ૨ નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, લોંગ ટર્મ એટલે કે ૩ થી ૫ વર્ષની યોજનામાં પ્રતાપનગર સ્ટેશન પર ૧ પિટ લાઈન અને ૧ સ્ટેબ્લિંગ લાઈનનું નિર્માણ પ્રસ્તાવિત છે.

આ ઉપરાંત, કોચિંગ ક્ષમતા વધારવા માટે પ્રતાપનગર અને ઉત્તરણમાં કોચિંગ ટર્મિનલ બનાવવામાં આવશે.

વર્ષ ૨૦૩૦ સુધી રેલગાડીઓની સંચાલન ક્ષમતાને બમણી કરવાના ઉદ્દેશ્યથી ભારતીય રેલવે દ્વારા માળખાકીય વિકાસના મહત્વપૂર્ણ કાર્યો કરવામાં આવી રહ્યા છે, જેમાં નીચેના કાર્યો સામેલ રહેશેઃ

i. વર્તમાન ટર્મિનલ્સને વધારાના પ્લેટફોર્મ, સ્ટેબ્લિંગ લાઈન, પિટ લાઈન અને પૂરતી શંટિંગ સુવિધાઓથી સજ્જ કરવા.

ii. શહેરી વિસ્તારમાં અને તેની આસપાસ નવા ટર્મિનલ્સની ઓળખ અને નિર્માણ કરવા.

iii. મેગા કોચિંગ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓ.

iv. વિવિધ સ્થળોએ રેલગાડીઓની વધતી સંખ્યાની વ્યવસ્થા કરવા માટે ટ્રાફિક સુવિધા કાર્યો, સિગ્નલિંગ અપગ્રેડેશન અને મલ્ટિટ્રેકિંગ દ્વારા વિભાગીય ક્ષમતામાં વધારો કરવો.

કેન્દ્રીય રેલ મંત્રી, માહિતી અને પ્રસારણ મંત્રી અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ સંબંધમાં જણાવ્યું, "અમે યાત્રીઓની વધતી માંગને પૂર્ણ કરવા અને ભીડભાડ ઘટાડવા માટે વિવિધ શહેરોમાં કોચિંગ ટર્મિનલ્સનું વિસ્તરણ કરી રહ્યા છીએ અને વિભાગીય તથા પરિચાલન ક્ષમતાઓ વધારી રહ્યા છીએ.

આ પગલાથી આપણા રેલવે નેટવર્કનો ઉન્નયન થશે અને રાષ્ટ્રવ્યાપી સંપર્ક સુવિધામાં સુધારો થશે."

## ભાવનગર ડિવિઝન થઈને ચાલતી ૪ જોડી સ્પેશિયલ ટ્રેનોની ફ્રિકવન્સી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી

યાત્રિયોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર રેલવે મંડળ થઈને ચાલતી ૪ જોડી સ્પેશિયલ ટ્રેનોની ફ્રીક્વન્સી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી વધારી દેવામાં આવી છે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૦૯૨૦૭/ ૦૯૨૦૮ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ - ભાવનગર સ્પેશિયલ, જે અગાઉ ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ, જે અગાઉ ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૨૧૧/ ૦૯૨૧૨ ગાંધીગ્રામ – બોટાદ દૈનિક સ્પેશિયલ ચઅનરિઝર્વ્ડ

ટ્રેન નંબર ૦૯૨૧૧ ગાંધીગ્રામ - બોટાદ સ્પેશિયલ જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૨ બોટાદ-ગાંધીગ્રામ સ્પેશિયલ, જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૨૧૬/ ૦૯૨૧૫ ભાવનગર-ગાંધીગ્રામ દૈનિક સ્પેશિયલ ચઅનરિઝર્વ્ડ

ટ્રેન નંબર ૦૯૨૧૬ ભાવનગર-ગાંધીગ્રામ સ્પેશિયલ, જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૫ ગાંધીગ્રામ-ભાવનગર સ્પેશિયલ, જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૫૩૦/ ૦૯૫૨૯ ભાવનગર-ધોલા દૈનિક સ્પેશિયલ ચઅનરિઝર્વ્ડ

ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર-ધોલા સ્પેશિયલ જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૮ ફરવરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૯ ધોલા-ભાવનગર સ્પેશિયલ જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

ધ્યાન આપવા જેવી બાબત છે કે ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર પીટ લાઈનની મરામત માટે ચાલી રહેલા કામને કારણે ધોળા–ભાવનગર–ધોળા દૈનિક સ્પેશિયલ ટ્રેન ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ૨૬ રાખવામાં આવી છે. આ કામ પૂર્ણ થયા બાદ આ ટ્રેનને ૨૬ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

# ભારતીય રેલવેની આગામી ૫ વર્ષમાં મુખ્ય શહેરોમાં રેલગાડીઓની સંચાલન ક્ષમતા બમણી કરવાની યોજના

**મુખ્ય શહેરોમાં કોચિંગ ટર્મિનલોનું વિસ્તરણ યાત્રીઓની વધતી માંગને પૂર્ણ કરવા, ભીડ ઘટાડવા તથા રાષ્ટ્રવ્યાપી સંપર્ક સુવિધામાં સુધારો લાવવા માટે કરવામાં આવશેઃ રેલ મંત્રી શ્રી અશ્વિનીવૈષ્ણવ**

યાત્રીઓની માંગમાં સતત થઈ રહેલા ઝડપી વધારાને ધ્યાનમાં રાખીને, આગામી ૫ વર્ષમાં મુખ્ય શહેરોમાં નવી રેલગાડીઓના સંચાલનની ક્ષમતા વર્તમાન સ્તર કરતાં બમણી કરવી આવશ્યક છે. આગામી વર્ષોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વર્તમાન મૂળભૂત માળખાને વધુ મજબૂત બનાવવું પડશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં સંચાલન ક્ષમતા બમણી કરવા માટે નીચે મુજબના કાર્યો સામેલ હશેઃ

i. વર્તમાન ટર્મિનલોને વધારાના પ્લેટફોર્મ, સ્ટેબલિંગ લાઇન, પિટ લાઇન તથા પૂરતી શન્ટિંગ સુવિધાઓથી સુસજ્જિત કરવું .

ii. શહેરી વિસ્તારોમાં તથા તેની આસપાસ નવા ટર્મિનલોની ઓળખ કરી તેમનું નિર્માણ કરવાનું.

iii. મેગા કોચિંગ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓ.

iv. વિવિધ સ્થળોએ રેલગાડીઓની વધતી સંખ્યાની વ્યવસ્થા કરવા માટે ટ્રાફિક સુવિધા કામો, સિગ્નલિંગ અપગ્રેડ તથા મલ્ટી-ટ્રેકિંગ દ્વારા વિભાગીય ક્ષમતામાં વધારો કરવો.

દેશના ૪૮ મુખ્ય શહેરો માટે એક વ્યાપક યોજના પર વિચારણા ચાલી રહી છે. આ યોજનામાં નક્કી કરાયેલ સમયમર્યાદા દરમિયાન રેલગાડીઓની સંચાલન ક્ષમતા બમણી કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે નિયોજીત, પ્રસ્તાવિત અથવા પહેલેથી મંજૂર કરાયેલા કાર્યોનો સમાવેશ કરવામાં આવશે.

ક્ષમતાને વર્ષ ૨૦૩૦ સુધીમાં બમણી કરવાની યોજના છે,પરંતુ અપેક્ષા છે કે આગામી ૫ વર્ષોમાં ક્ષમતામાં તબક્કાવાર વધારો કરવામાં આવશે જેથી ક્ષમતા વૃદ્ધિના લાભો તરત પ્રાપ્ત થઈ શકે. આથી આવનારા વર્ષોમાં વધતી ટ્રાફિકની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સહાય મળશે. યોજનામાં કાર્યોને ત્રણ શ્રેણીમાં એટલે કે તાત્કાલિક, અલ્પકાલીન અને દીર્ઘકાલીનમાં વર્ગીકૃત કરવામાં આવશે.

કેન્દ્રીય રેલ મંત્રી, સૂચના અને પ્રસારણ મંત્રી તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે,

"અમે મુસાફરોની વધતી માંગને પૂર્ણ કરવા અને ભીડભાડ ઘટાડવા માટે વિવિધ શહેરોમાં કોચિંગ ટર્મિનલ્સનો વિસ્તાર કરી રહ્યા છીએ તેમજ વિભાગીય અને સંચાલન ક્ષમતામાં વધારો કરી રહ્યા છીએ. આ પગલાથી આપણું રેલવે નેટવર્કનું અપગ્રેડ થશે અને રાષ્ટ્રવ્યાપી સંપર્ક સુવિધામાં સુધારો થશે."

અમદાવાદ ક્ષેત્રમાંથી ૧૫૦ કરતાં વધુ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે

અમદાવાદ સ્ટેશન પર ટ્રેનોનો ભાર ઘટશે, સંચાલન વધુ સુગમ બનશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ વટવામાં આશરે ૩ કિમી લાંબો એક મેગા કોચિંગ ટર્મિનલ નિર્માણ કરવામાં આવશે. આ ટર્મિનલના કારણે અમદાવાદ સ્ટેશન પર ટ્રેનોનો અતિશય ભાર મોટા પાયે ઘટશે તેમજ સમગ્ર વિસ્તારમાં ટ્રેન સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. આ યોજના મંડળની ટ્રેન હેન્ડલિંગ ક્ષમતાને ૨.૫ ગણો વધારવાની યોજનાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે

વટવા ટર્મિનલની મુખ્ય સંરચના અને આધુનિક સુવિધાઓ

● વટવાનો આ મેગા ટર્મિનલ આશરે ૩ કિમી લાંબો રહેશે. તેની પહોળાઈ એલસી-૩૦૫ ખાતે ૭૬ મીટર, આરઓબી-૭૧૩ (એસપી રિંગ રોડ) ખાતે ૩૦૦ મીટર તથા ખારી બ્રિજ નં. ૭૧૧ ખાતે ૧૧૮ મીટર રહેશે.

★ ટર્મિનલમાં કુલ ૧૨ પિટ લાઈનો બનાવવામાં આવશે, જેના દ્વારા ટ્રેનોનું ગહન તથા નિયમિત મેન્ટેનન્સ સરળતાથી શક્ય બનશે.

★ ૨૯ સ્ટેબલિંગ લાઈનો ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં ખાલી રેક્સને સુરક્ષિત રીતે ઉભા રાખી શકાશે.

★ ૨ વોશિંગ લાઈનો બનાવવામાં આવશે, જેના દ્વારા રેકસની ઝડપી અને સતત સફાઈ સુનિશ્ચિત થશે.

★ ૬૦૦ મીટરની ૨ સિક લાઈનો બનાવવામાં આવી રહી છે, જ્યાં ખરાબ કોચોની મરામત અને તકનીકી સુધારાઓ કરી શકાશે.

★ ૬ નવા વધારાના પ્લેટફોર્મ બનાવવામાં આવશે, જેથી પ્લેટફોર્મોની કુલ સંખ્યા ૯ થશે અને ટ્રેનોની શરૂઆત તથા સમાપ્તિ વધુ વ્યવસ્થિત બનશે.

★ વટવા ટર્મિનલના પૂર્ણ સંચાલન બાદ દરરોજ ૩૬ જોડી ટ્રેનોનું પ્રાથમિક મેન્ટેનેન્સ, ૧૫ ટ્રેનો માટે પ્લેટફોર્મ રિટર્ન સુવિધા તથા કુલ ૫૧ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે.

★ માત્ર વટવા ટર્મિનલ જ મંડળની કુલ ક્ષમતા વૃદ્ધિમાં અંદાજે ૮૫% યોગદાન આપશે.

● અમદાવાદ મંડળમાં વ્યાપક ક્ષમતા વૃદ્ધિ – તમામ સ્ટેશનો પર ઝડપી વિકાસ

★ વટવા ઉપરાંત અમદાવાદ, સાબરમતી, આસારવા અને ગાંધીનગર કેપિટલ સ્ટેશનો પર પણ મોટા પાયે અપગ્રેડેશનના કાર્યો ચાલુ છે, જે સમગ્ર નેટવર્કને વધુ મજબૂત બનાવશે.

★ તમામ કાર્યો પૂર્ણ થયા બાદ મંડળની ટ્રેન ઓરિજિનેશન ક્ષમતા સરેરાશ ૫૮ થી વધીને પ્રતિદિન ૧૫૦ સુધી પહોંચી જશે, જે અત્યાર સુધીની સૌથી મોટી વૃદ્ધિ હશે.

★ અમદાવાદ સ્ટેશન પર ટ્રેન સંચાલન ક્ષમતા ૩૮ થી વધીને દરરોજ ૪૫–૫૦ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચી જશે.

★ સાબરમતી સ્ટેશન પર આ ક્ષમતા ૨૦ થી વધીને ૨૭–૨૮ ટ્રેનો પ્રતિદિન થશે.

★ આસારવા સ્ટેશન પર ક્ષમતા ૬ થી વધીને ૧૧–૧૨ ટ્રેનો પ્રતિદિન સુધી વધશે .

★ ગાંધીનગર કેપિટલ સ્ટેશનની ક્ષમતા ૬ થી વધીને ૮–૧૦ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચી જશે?

★ વટવા સ્ટેશનની સંચાલન ક્ષમતા સૌથી વધુ વૃદ્ધિ સાથે ૬ થી વધીને ૫૬–૫૭ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચી જશે.

● યાત્રીઓને મોટા લાભ અને રણનીતિક નેટવર્ક સુધારાઓ

★ ક્ષમતા વૃદ્ધિથી યાત્રીઓને દરરોજની યાત્રી વહન ક્ષમતા ૧,૦૨,૦૦૦ થી વધીને ૨,૬૨,૦૦૦ પ્રતિદિન (લગભગ ૨.૫ ગણો)નો લાભ મળશે.

★ વધુ સંખ્યામાં એક્સપ્રેસ, મેમુ, ફેસ્ટિવલ સ્પેશલ તથા લાંબા અંતરની ટ્રેન સેવાઓ શરૂ કરવી શક્ય બનશે.

પિટ લાઈનોના નિર્માણથી ૨૩-કોચ એલએચબી રેક, વંદે ભારત તથા અમૃત ભારત જેવી ટ્રેનોનું મેન્ટેનન્સ શક્ય બનશે, જેના કારણે ટ્રેનોની ઉપલબ્ધતા વધશે.

★ અમદાવાદ અને સાબરમતી યાર્ડમાં ભીડ ઘટવાથી ટ્રેનોની સમયપાલન ક્ષમતામાં વૃદ્ધિ થશે.

★ અમદાવાદ યાર્ડ રીમોડેલિંગ, સાબરમતીમાં નવી પિટ લાઈન અને પ્લેટફોર્મ નિર્માણ, આસારવા–સાબરમતી રૂ-કનેક્શન તથા ગાંધીગ્રામ–સાબરમતી–ખોડિયાર રૂ-કનેક્શન જેવા મહત્વપૂર્ણ નેટવર્ક સુધારાઓ ટ્રેન મૂવમેન્ટને વધુ ઝડપી, સુરક્ષિત અને નિર્વિઘ્ન બનાવશે.

આ તમામ યોજનાઓ પૂર્ણ થયા બાદ અમદાવાદ મંડળ પશ્ચિમ રેલવેનું સૌથી સક્ષમ, આધુનિક અને ભવિષ્યમુખી ટર્મિનલ ક્લસ્ટર તરીકે ઉભરી આવશે, જે પ્રતિદિન ૧૫૦ ટ્રેનોનું કાર્યક્ષમ રીતે સંચાલન કરી શકશે. આથી યાત્રીઓની સુવિધા તથા સેવા ગુણવત્તામાં ઐતિહાસિક સુધારો લાવશે. સાથે સાથે અમદાવાદ મંડળ પર અનેક સ્ટેશનોના પુનર્વિકાસના કામો પણ ચાલી રહ્યા છે, જેના કારણે સ્ટેશનોની સંચાલન ક્ષમતા વધશે.

● અમદાવાદ સ્ટેશનનો પુનર્વિકાસ ઝડપી ગતિએ ચાલી રહ્યો છે. સ્ટેશન બિલ્ડિંગની સાઉથ વિંગનું કામ જૂન–જુલાઈ ૨૦૨૬ સુધી પૂર્ણ થવાની સંભાવના છે.

● સાબરમતી સ્ટેશનનો પુનર્વિકાસ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યો છે અને તેનું કામ નવા વર્ષ ૨૦૨૬માં પૂર્ણ થશે

● ન્યૂ ભુજ રેલવે સ્ટેશનના અપગ્રેડેશનનું નું કામ ઝડપી ગતિએ પ્રગતિ પર છે. આ પ્રોજેક્ટની સ્વીકૃત કિંમત આશરે રૂા.૨૦૦ કરોડ છે અને અત્યાર સુધીમાં ૭૫% કરતાં વધુ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

● અમદાવાદ મંડળ પર અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત અસારવા, મણિનગર, ચાંદલોડિયા, વટવા, કલોલ, સામાખ્યાલી, ધાંગધ્રા, ભચાઉ, ગાંધીધામ, સિદ્ધપુર, ઉંઝા, મહેસાણા, પાલનપુર, પાટણ, હિંમતનગર અને ભીલડી સ્ટેશનોના પુનર્વિકાસના કાર્યો ઝડપી ગતિએ ચાલી રહ્યા છે.

## બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની હત્યાના ગુજરાતમાં પડયા પડઘા : અમદાવાદના ઘાટલોડીયામાં બજરંગદળનુ ભારે વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



બાંગ્લાદેશમાં બનેલી ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો દેશ અને રાજયમાં પડયા છે. જેના પગલે ગુજરાતમાં પણ બજરંગદળ દ્વારા આક્રોશ વ્યકત કરવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશમાં લઘુમતિ હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારોના વિરોધમાં અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં બજરંગદળ દ્વારા ઉગ્ર પ્રદર્શન કરાયુ હતું.

આ વિરોધ પ્રદર્શનમાં બજરંગદળના કાર્યકરો દ્વારા ઠેર ઠેર પોસ્ટર લગાડીને વિરોધ કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની નિર્મમ હત્યાના વિરોધમાં અમદાવાદના ઘાટલોડીયામાં આવેલા પ્રભાતચોક ખાતે બજરંગદળના કાર્યકરોએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતી હિંસાને લઈને ભારે પોસ્ટર લગાવ્યા હતા. તેમજ વિરોધ પ્રદર્શન દરમિયાન બજરંગદળે કડક શબ્દોમાં ધમકી આપી હતી કે ભારતમાં રહેતા બાંગ્લાદેશી મુસ્લીમો તાત્કાલીક દેશ છોડી દે, અન્યથા તેઓએ ગંભીર પરીણામ ભોગવવા પડશે, આવી ચેતવણી પોસ્ટર દ્વારા આપવામાં આવી છે.

આ ઉપરાંત રોડ રસ્તામાં બાંગ્લાદેશના ધ્વજને રોડ પર લગાવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આમ બજરંગદળની આ ખુલ્લી ધમકી સાથે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દેશમાં અને રાજયમાં વસતા બાંગ્લાદેશી લઘુમતિ સમુદાયના લોકો દેશ છોડીને જતા રહે નહીતર ભગાડીશુ અને શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપના ઈતિહાસની દોરવણીથી ધમકી આપી છે. હવે બજરંગદળ દ્વારા આપવામાં આવેલી આ ચીમકીથી અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. એટલુ જ નહી પરંતુ ઘાટલોડીયામાં થયેલા આ વિરોધ પ્રદર્શન બાદ સ્થાનિકો પણ સતર્ક બની ગયા હતા. જયારે બાંગ્લાદેશના હિન્દુઓના રક્ષણ માટે ભારત સરકાર પુરતા પ્રયત્નો કરે અને લઘુમતિ સમાજના હિતોની રક્ષા કરવાવાળી સંસ્થાઓ પણ બાંગ્લાદેશના હિન્દુઓની રક્ષા માટે આગળ આવે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

આમ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થઈ રહેલા અત્યાચારોના ઘેરા પ્રત્યાઘાતો હાલ અમદાવાદ શહેર સહિત આખા ગુજરાતમાં પડી રહ્યા છે. ત્યારે હિન્દુ સમાજના સમર્થનમાં વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગદળ દ્વારા પથ પ્રદર્શન કરીને ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે.

## ખાડા રાજથી ત્રસ્ત બનાસકાંઠાની જનતા સાથે ધરણા પર બેઠેલા ધારાસભ્ય અમરતજી ઠાકોરની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર




બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી થરા શહેરને જોડતા બંને બાજુના સર્વિસ રોડની અત્યંત બિસ્માર હાલતને લઈને આજે શનિવારે ભારે હોબાળો મચ્યો હતો. હાઈવે પર પડી ગયેલા મસમોટા ખાડાઓને કારણે વાહન ચાલકો અને સ્થાનિક વેપારીઓ ત્રસ્ત થઈ ગયા હોવાથી કાંકરેજના ધારાસભ્ય અમરતજી ઠાકોરે આજે શનિવારે ભલગામ ટોલ પ્લાઝા પર ભારે વિરોધ પ્રદર્શન અને ધરણાંનુ આયોજન કર્યુ હતું. ત્યારે આંદોલન ઉગ્ર બને તે પહેલા જ પોલીસે ધારાસભ્ય સહિત તેમના સમર્થકોની અટકાયત કરી લીધી હતી.

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતા ડીસા રાધનપુર હાઈવે અને થરા ના સર્વિસ રોડ પર લાંબા સમયથી ખાડાઓનુ સામ્રાજય ફેલાયેલુ છે. આ બાબતે વારંવાર રજુઆતો કરવા છતાં હાઈવે ઓથોરીટી દ્વારા કોઈ નકકર કામગીરી કરવામાં ન આવતા ધારાસભ્ય અમરતજી ઠાકોરને સાથે રાખીનો સ્થાનિક લોકોએ આ આંદોલનનો રસ્તો અપનાવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ થરા સર્વિસ રોડ પર એટલા મોટા ખાડા પડયા છે કે રોજબરોજ અકસ્માતોનો ભય રહે છે અને વાહનોને ભારે નુકશાન પહોચી રહ્યુ છે. આ મામલે ધારાસભ્ય અમરતજી ઠાકોરે અગાઉથી જ ચેતવણી આપી હતી કે જો ૨૭ ડીસેમ્બર સુધી રોડ રસ્તાઓનુ રીપેરીંગ કરવામાં નહી આવે તો તેઓ જન આંદોલન કરશે. ત્યારે આ જાહેરાત અનુસાર ધારાસભ્ય પોતે આજે આંદોલન માટે ભારે સમર્થકો સાથે આવી પહોચ્યા હતા, આજે નકકી કર્યા મુજબ ધારાસભ્ય અમરતજી ઠાકોર મોટી સંખ્યામાં સમર્થકો સાથે ભલગામ ટોલ પ્લાઝા પર પહોચ્યા હતા અને હાઈવે ઓથોરીટી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી ધરણા પર બેસી ગયા હતા. જો કે ટોલપ્લાઝા પર વાહનોની અવર જવર ખોરવાય નહી અને કાયદો વ્યવસ્થા જળવાય તે માટે પોલીસે તાત્કાલીક ધારાસભ્ય અમરતજી ઠાકોર અને કાંકરેજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિતના અગ્રણીઓની અટકાયત કરી હતી.

અટકાયત સમયે ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે સંકલન સમિતિની બેઠકમાં વારંવાર મુદાઓ ઉઠાવવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં છે. પ્રજા જયારે ટેક્ષ ભરે છે ત્યારે તેમને સારા રોડ રસ્તા મળવા જ જોઈએ, જેથી તેમના સમર્થનમાં અમે આજે આ રસ્તો અપનાવ્યો હતો. ત્યારે બહેરા મુંગાનુ ઢાંગ કરતા નેશનલ હાઈવે વિભાગને પોલીસ બચાવી રહી છે.

કુંભકર્ણની નિંદ્રામાં સુતેલા આ નેશનલ હાઈવે વિભાગને અમે જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સરકાર તેની સામે એકશન લેવાને બદલે પોલીસને આગળ કરી અમારી અટકાયત કરી રહી છે. જો કે જયાં સુધી રોડ રસ્તાઓનુ રીપેરીંગ નહી થાય ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ રહેશે. આમ ધારાસભ્ય અમરતજી ઠાકોરની આ અટકાયતના સમાચાર વાયુવેગે ફેલાતા કાંકરેજ અને આસપાસના વિસ્તારમાં રાજકીય વાતાવરણ ગરમાયુ હતું.

### ઉદયપુર કારમાં સામૂહિક દુષ્કર્મ કેસમાં ઘટસ્ફોટ

## આરોપીઓમાં સામેલ મહિલાએ આઈટી મેનેજરને ફસાવી હતી

**પોલીસે મહિલા આઈટી કંપની મેનેજર પર આચરવામાં આવેલા સામૂહિક દુષ્કર્મના કેસમાં મોટી કાર્યવાહી કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉદયપુર

રાજસ્થાનના ઉદયપુરમાં પોલીસે મહિલા આઈટી કંપની મેનેજર પર આચરવામાં આવેલા સામૂહિક દુષ્કર્મના કેસમાં મોટી કાર્યવાહી કરી છે, જેમાં કંપનીના સીઈઓ સહિત ત્રણ લોકોની ધરપકડ કરાઈ છે. આ સનસનાટીભર્યા કિસ્સાએ રાજ્યભરમાં ખળભળાટ મચાવી દીધો છે. હવે નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે, અને મહિલા એક્ઝિક્યુટિવ હેડની ભૂમિકા શંકાસ્પદ બની રહી છે.

અહેવાલો અનુસાર, પીડિતાએ હવે આખી ઘટના કહી છે. તેના જણાવ્યા મુજબ, આ ઘટના શનિવારે (૨૦મી ડિસેમ્બર) બની હતી, જ્યારે કંપનીના સીઈઓએ તેમના જન્મદિવસની ઉજવણી માટે એક પાર્ટીનું આયોજન કર્યું હતું. મહિલા મેનેજર પણ ત્યાં હાજર હતી. જેમ જેમ રાત વધતી ગઈ, તેમ તેમ અન્ય મહેમાનો પીડિતાને એકલી છોડીને ચાલ્યા ગયા.

ફરિયાદમાં મહિલાએ જણાવ્યું હતું કે કંપનીના મહિલા એક્ઝિક્યુટિવ હેડે પછી તેને ઘરે છોડી દેવાની ઓફર કરી. તેણી તેને પોતાની કારમાં લઈ ગઈ, જેમાં પહેલાથી જ સીઈઓ જીતેશ સિસોદિયા અને તેના પતિ ગૌરવ સિરોહી હતા. રસ્તામાં ત્રણેયે એક દુકાનમાંથી સિગારેટ જેવી વસ્તુ ખરીદી અને તે મહિલાને આપી. તે પીધા પછી તે બેભાન થઈ ગઈ. જ્યારે પીડિતા બીજા દિવસે સવારે જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેને ખબર પડી કે તેનું શારીરિક શોષણ થયું છે. ત્યારબાદ તેણે પોલીસ ફરિયાદ નોંધાવી.

નોંધનીય છે કે, સિગારેટમાં એવું શું હતું જે પીડિતાને બેભાન કરી દેતું હતું તે હજુ સુધી સ્પષ્ટ નથી. પોલીસ હાલમાં આ મામલાની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યાનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓમાં એક ખાનગી IT કંપનીના CEO, કંપનીની મહિલા એક્ઝિક્યુટિવ હેડ, જીતેશ સિસોદિયા અને તેમના પતિ ગૌરવ સિરોહીનો સમાવેશ થાય છે. ગુરુવારે ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ઉદયપુરના પોલીસ અધિક્ષક યોગેશ ગોયલે જણાવ્યું હતું કે સુખેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેસ નોંધવામાં આવ્યો છે અને ભારતીય દંડ સંહિતા (IPC)ની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પીડિતાની ફરિયાદ, તબીબી અહેવાલ અને પ્રાથમિક તપાસના આધારે પોલીસે આરોપીની અટકાયત કરી હતી. આ કેસની વિગતવાર તપાસ હવે અધિક પોલીસ અધિક્ષક માધુરી વર્માને સોંપવામાં આવી છે. આરોપીઓ સામે શક્ય તેટલી કડક કાર્યવાહી કરવામાં આવશે અને કોઈને પણ બક્ષવામાં આવશે નહીં.

### ન્યુ યર સેલિબ્રેશનની ટ્રાફિક એડવાઈઝરી જાહેર

## અમદાવાદના સી.જી. રોડ અને સિંધુ ભવન પર વાહન પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નવા વર્ષની ઉજવણીમાં ઉમટી પડતી ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિક દ્વારા એક વિસ્તૃત ટ્રાફિક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. ૩૧મી ડિસેમ્બરની સાંજથી ૧લી જાન્યુઆરીની વહેલી સવાર સુધી શહેરના મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ અને ડાયવર્ઝન લાગુ કરવામાં આવ્યા છે. ૩૧મી ડિસેમ્બર સાંજે ૬:૦૦થી ૧લી જાન્યુઆરી વહેલી સવારે ૩:૦૦ વાગ્યા સુધી સ્ટેડિયમ સર્કલથી પંચવટી સુધીનો સી. જી. રોડ તમામ વાહનો માટે બંધ રહેશે તેમજ સી. જી. રોડની બંને બાજુએ પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

રાત્રે ૮ વાગ્યા પછી આ માર્ગ પર વાહનોની અવરજવર સદંતર બંધ કરવામાં આવશે. વાહનચાલકો મીઠાખળી સર્કલ, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ રોડ અથવા નવરંગપુરા બસ સ્ટેન્ડથી કોમર્સ છ રસ્તાના માર્ગનો ઉપયોગ કરી શકશે.૩૧મી ડિસેમ્બર રાત્રે ૮:૦૦થી ૧લી જાન્યુઆરી મોડી રાત્રે ૩:૦૦ વાગ્યા સુધી જાજરમાન ક્રોસ રોડથી તાજ સ્કાયલાઈન ક્રોસ રોડ સુધીનો રોડ બંને તરફથી બંધ રહેશે. વાહનોને જાજરમાન ચાર રસ્તાથી ઉમિયા ટ્રેડર્સ થઈ તાજ સ્કાયલાઇન તરફ અને આંબલી ઓવરબ્રિજથી શિલજ સર્કલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે. સમગ્ર શહેરમાં મધ્યમ અને ભારે માલવાહક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે.

એસ.જી. હાઈવે પર માત્ર પરમિટ ધરાવતા પેસેન્જર વાહનોને મંજૂરી મળશે. અન્ય વાહનોએ એસ.પી. રિંગ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. પોલીસ કમિશ્નરના જાહેરનામા મુજબ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને સરકારી ફરજ પરના વાહનોને આ નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે.

જો કોઈ નાગરિક આ નિયમોનો ભંગ કરશે, તો તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ગુજરાત પોલીસ ઍક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ પોતાની મુસાફરીનું આયોજન અગાઉથી કરે અને સુરક્ષિત ઉજવણી માટે પોલીસ તંત્રને સહયોગ આપે.

# બરોડા ડેરીની ચુંટણી અગાઉ વડોદરાનુ રાજકારણ ગરમાયુ: દારૂબંધી મુદ્દે ભાજપના જ નેતા દિનુ મામા આવ્યા મેવાણીના સમર્થનમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં બરોડા ડેરીની આગામી ચુંટણીને પગલે રાજકીય માહોલ ગરમાયો છે. આ દરમિયાન ભાજપના કદાવર નેતા અને પૂર્વ ધારાસભ્ય દિનુ મામા એ દારૂબંધી અને નશાના દુષણને લઈ આપેલા વિવાદાસ્પદ નિવેદને સત્તાધારી ભાજપ પક્ષ અને તંત્રની ઉંઘ ઉડાવી દીધી છે અને જાહેરમાં દિનુ મામા જિગ્નેશ મેવાણીના સમર્થનમાં આવ્યા છે. દિનુ મામાએ પોતાની જ સરકારની નીતિઓ અને પોલીસતંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. પોલીસ કમાઈ છે, પીનારા દંડાય છે,

દિનુ મામાએ પોલીસ તંત્ર પર ગંભીર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે દારૂના આ ગેરકાયદેસર વેપારમાં પોલીસ કમાઈ રહી છે અને દારૂ વેચનારાઓ માલામાલ થઈ રહ્યા છે. જયારે ગરીબ પીનારા લોકો દંડાઈ રહ્યા છે, તેમણે હરીયાણા અને મધ્યપ્રદેશનો દાખલો આપીને કહયુ કે ત્યાંનો દારૂ અહીં મોંઘી કિંમતે વેચાય છે અને તેના કારણે ગુજરાતનુ યુવાધન બરબાદ થઈ રહ્યુ છે. દિનુ મામાએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે જો સરકાર યોગ્ય અમલ ન કરાવી શકિત હોય તો શંકરસિંહ વાઘેલા કહે છે તેમ દારૂની છુટ આપવી જોઈએ જેથી યુવાધન બરબાદ થતુ અટકે અને ભ્રષ્ટાચાર બંધ થાય. પોતાના બળવાખોર તેવર અંગે સ્પષ્ટતા કરતા દિનુ મામાએ જણાવ્યુ હતુ કે તેમને કોઈપણ પક્ષની ટીકીટ ની જરૂર નથી, તેમણે મકકમતાથી કહ્યુ મારે કોઈ ટીકીટ લેવી નથી, મારા પાદરા તાલુકાના મતદારો જિંદાબાદ છે અને તેમના માટે જ મેં આ સત્ય વાત કહી છે. ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા હાલમાં જન આક્રોશ રેલી કાઢવામાં આવી રહી છે અને આમ આદમી પાર્ટી પણ દારૂબંધીના કડક અમલ માટે અવાજ ઉઠાવી રહી છે. આ સ્થિતિમાં દિનુ મામાએ આશ્ચર્યજનક રીતે વિપક્ષના સુર પુરાવતા જણાવ્યુ હતુ કે હાલની સ્થિતિમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ જે દારૂબંધીની વાત કહી રહ્યા છે તેને હું સમર્થન આપુ છું. રાજયમાં દારૂ અને ડ્રગ્સ જેવા ભયંકર નશા છુટ થી થઈ રહ્યા છે. તેમણે સવાલ પણ ઉઠાવ્યો હતો કે કયા ગામમાં દારૂના ધંધા નથી ચાલી રહ્યા ? રાજકીય નેતાઓના વિરોધની કોઈ




અસર ન થતી હોવાનો સ્વીકાર કરતા તેમણે સાધુ સંતો અને ધર્મગુરૂઓને આહવાન કર્યુ હતુ કે તેમણે કહ્યુ કે હિન્દુ મુસ્લિમ તમામ ધર્મના વડાઓએ ભેગા મળીને સરકાર પર દબાણ લાવવુ જોઈએ, સાધુ સંતો ધારે તો આ મિશન પાર પાડી શકે છે. જો સરકાર ધર્મ ગુરૂઓની વાત ન સાંભળે તો સંતોમાં સરકાર બદલવાની પણ તાકાત છે.

# સુરત ટેક્ષટાઈલ માર્કેટને બાંગ્લાદેશનુ લાગ્યુ ગ્રહણ: ૧ હજાર કરોડનો વેપાર બંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ટેક્ષટાઈલ સીટી સુરતના વેપારીઓએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર અને હિન્દુ સંસ્કૃતિના અપમાન સામે લાલ આંખ કરી છે.



સુરતના કાપડ ઉદ્યોગની અગ્રણી સંસ્થા ફોસ્ટા (ફેડરેશન ઓફ સુરત ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસીએશન) દ્વારા બાંગ્લાદેશ સાથેના તમામ વેપારી સંબંધો તોડી નાખવાનુ અને સંપુર્ણ બહિષ્કાર કરવાનુ એલાન આપ્યુ છે. સુરતમાંથી બાંગ્લાદેશ સાથે દર વરસે અંદાજે રૂપીયા ૧ હજાર કરોડથી વધુનો વેપાર થાય છે.

હાલની સ્થિતિમાં સુરતના વેપારીઓના અંદાજે રૂપીયા ૧૦૦ કરોડથી વધુનુ પેમેન્ટ બાંગ્લાદેશમાં અટવાયેલુ છે, આમ છતાં વેપારીઓએ આર્થિક નુકશાનની પરવાહ કર્યા વગર દેશ અને ધર્મને પ્રાધાન્ય આપીને નવા ઓર્ડર લેવાનુ બંધ કર્યુ છે અને જુના સપ્લાય પણ અટકાવી દીધા છે. સુરતની ૨૪૦ ટેક્ષટાઈલ માર્કેટ અને ૧૭ હજાર થી વધુ વેપારીઓ આ અભિયાનમાં જોડાયા છે. ફોસ્ટા દ્વારા તમામ વેપારીઓને નવા ઓર્ડર ન લેવા અને બાંગ્લાદેશ તરફ જતો માલ અટકાવી દેવા કડક સુચના અપાઈ છે.

સુરતના આ નિર્ણયથી બાંગ્લાદેશના ગારમેન્ટ મેન્યુફેકચરીંગ સેકટરને કાચા માલ (ફેબ્રિકસ) ની મોટી તંગી સર્જાવવાની શકયતા છે. વેપારીઓએ એક સુરે જણાવ્યુ છે કે જયાં સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નહી આવે અને સંસ્કૃતિનુ અપમાન બંધ નહી થાય ત્યાં સુધી આ બહિષ્કાર ચાલુ રહેશે, વેપારીઓનો આ આક્રોશ દર્શાવે છે કે સામાજિક ગરીમા અને રાષ્ટ્રહિત સામે કરોડોનો વેપાર ગૌણ છે.

# હવે સુરતની સિંગરે તબલા ઉસ્તાદ સાથે પ્રેમ લગ્ન કરતા વિવાદનો વંટોળ: આરતી સાંગાણીએ વિરોધીઓને પુછયુ શું પ્રેમ કરવો કોઈ ગુન્હો છે ?

## પાટીદાર આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ સાથે પ્રેમ લગ્ન કર્યા: શું દિકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો કોઈ હક્ક નથી ?

પ્રતિનિધિ,ગાંધીનગર

હાલના દિવસોમાં ગુજરાતી ગરબા કિવન કિંજલ દવે એ આંતરજ્ઞાતિય યુવક ધ્રૃવિન શાહ નામના યુવક સાથે સગાઈ કરતા બ્રહ્મ સમાજે તેમના પરીવારનો બહિષ્કાર કર્યો છે. એવામાં હવે સુરતની ગાયીકાએ પ્રેમલગ્ન કરતા પાટીદાર સમાજમાં ઉહાપોહ મચી ગયો છે. આ મામલે ખુદ સિંગરે સોશીયલ મીડીયામાં વિડીયો મુકીને પોતાનો વિરોધ કરી રહેલા લોકો પર જ સવાલ ઉઠાવ્યા છે. હકીકતમાં પાટીદાર સમાજમાંથી આવતી સુરતની જાણીતી સિંગર આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ દેવાંગ ગોહિલ નામના યુવક સાથે પ્રેમલગ્ન



કર્યા છે. આરતીએ બીજા સમાજના યુવક સાથે લગ્ન કરતા કેટલાક પાટીદાર સમાજના આગેવાનોએ નારાજગી વ્યકત કરી છે. જેને લઈને આરતી સાંગાણી ખુદ સામે આવી છે અને તેણે સોશીયલ મીડીયામાં વિડીયો મુકીને પોતાના વિરોધીઓને જવાબ આપ્યો છે. આરતી સાંગાણીએ પોતાના પતિ દેવાંગ ગોહિલની સાથે એક વિડીયો પોતાના સોશીયલ મીડીયા પ્લેટફોર્મમાં પોસ્ટ કર્યો છે. જેમાં આરતી સાંગાણી કહી રહી છે કે અમે બંને એક બીજાને સારી રીતે સમજીએ છીએ, હું અને દેવાંગ એક બીજાને ખુબ જ પ્રેમ કરીએ છીએ, શું પ્રેમ કરવો કોઈ ગુન્હો છે ? મારે પાટીદાર સમાજના અગ્રણીઓ ખાસ કરીને આજની યુવા પેઢીઓને કહેવુ છે કે તમે બેટી બચાવો અને બેટી પઢાવો ના નારા લગાવો છો, તો શું એક દિકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો કોઈ અધિકાર નથી , મારી ગાયીકા તરીકેની સફરમાં મને અઢારેવર્ણનો સાથ મળ્યો છે, હવે જો મારા આ પગલાથી કોઈની લાગણી દુભાઈ હોય તો હું દિલથી માફી માંગુ છુ, અમારી આ આઝાદી અને જીવવાના અધિકારને આપ સૌ સમજશો, આરતી સાંગાણીએ અન્ય સમાજના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા છે. જેને લઈને છેલ્લા કેટલાક દિવસોથી સોશીયલ મીડીયામાં કોમેન્ટો કરીને તેના આ પગલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સમાજ માટે પણ ચિંતાનો વિષયો છે. માત્ર પાટીદાર જ નહી અન્ય સમાજના આગેવાનો પણ લગ્નની નોંધણીના કાયદામાં સુધારો કરવા માટે સરકારને રજુઆત કરી ચુકયા છે. આરતી એ પ્રેમલગ્ન કર્યા તેનાથી તેના પરીવારના સભ્યો ખુબ જ દુ:ખી છે, આથી સમાજને પણ ચિંતા થાય તે સ્વભાવિક છે. મારે આરતીને એટલુ જ કહેવુ છે કે જયારે એક સિંગર તરીકે આખી રાત ઘરની બહાર રહીને કાર્યક્રમો કરો છો, માતા પિતાએ તમને સ્વતંત્રતા આપી છે, ત્યારે તેનો દુરુપયોગ કર્યો છે. આ ઘટનાના કારણે અન્ય દિકરીઓની સ્વતંત્રતા પર પણ કાપ મુકાઈ શકે છે.

# મિલ્કત દસ્તાવેજ નોંધણીમાં સાક્ષીની ફરજીયાત હાજરીનો નિયમ નાબુદ કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

મિલ્કત દસ્તાવેજ નોંધણી વધુને વધુ સરળ અને સંભવિત છેતરપીંડી સામે ફુલ પ્રુફ બનાવવાના ભાગરૂપે રાજય સરકારે સાક્ષીઓની ફરજીયાત હાજરીની જોગવાઈ દુર કરી છે. દસ્તાવેજ કરનાર વ્યકિતનુ ઈ-કેવાયસી શકય બનવાના સંજોગોમાં નોંધણી વખતે સાક્ષીની ફરજીયાત હાજરીનો નિયમ રદ કરવામાં આવ્યા છે.



મહેસુલ વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે મિલ્કત વેચનાર વ્યકિતનુ આધારકાર્ડ વેરીફીકેશન થઈ જતુ હોય તો સાક્ષીની હાજરીની જરૂર રહેતી ન હોવાના હાઈકોર્ટના નિર્દેશને પગલે રાજય સરકાર દ્વારા મિલ્કત દસ્તાવેજી પ્રક્રિયામાં સુધારો કરવામાં આવ્યો છે અને તમામ સબ રજીસ્ટ્રારોને પરીપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારે દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને ભ્રષ્ટાચાર મુકત બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજયના ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન દ્વારા જારી કરાયેલા નવા પરીપત્ર મુજબ હવે દસ્તાવેજ નોંધણી માટે આધાર આધારીત ઈ-કેવાયસી વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. આ નવી સિસ્ટમથી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં વરસોથી ચાલી આવતી સાક્ષીઓની અનિવાર્યતાનો અંત આવશે. નવા પરીપત્ર અનુસાર જો દસ્તાવેજ કરી આપનાર વ્યકિતનુ આધારકાર્ડ કરવામાં આવતુ હોય ઈ-કેવાયસી સફળ થાય, તો નોંધણી અધિનિયમ, ૧૯૦૮ ની કલમ-૩૪ મુજબ તેની ઓળખ સત્તાવાર રીતે પ્રસ્થાપિત થયેલી માનવામાં આવશે. આવી સ્થિતિમાં જે તે વ્યકિતની ઓળખ આપવા માટે કોઈ ત્રાહિત સાક્ષી (ઓળખ આપનાર વ્યકિત) ને કચેરીમાં હાજર રાખવાની જરૂર રહેશે નહી, નોંધનીય છે કે અત્યાર સુધી દસ્તાવેજ કરતી વખતે સાક્ષી તરીકે જે તે વ્યકિતના ઓળખપત્રો, તેની વિડીયોગ્રાફી અને ચેકલીસ્ટના પ્રશ્નો પુછવાની લાંબી પ્રક્રિયા થતી હતી. જેમાંથી હવે મુકિત મળશે.

સરકારના આ નિર્ણય પાછળનુ મુખ્ય કારણ રજીસ્ટ્રાર કચેરીઓમાં સક્રિય દલાલો અને વ્યાવસાયીક સાક્ષીઓ પર રોક લગાવવાનુ કામ છે, ઘણીવાર દસ્તાવેજ નોંધણી વખતે ઓળખ આપવાના બહાને દલાલો બિનજરૂરી ભીડ કરતા હોય છે અને ભોળી જનતા પાસેથી નાણાં પડાવતા હોય છે, નવી સિસ્ટમથી સાક્ષીની હાજરી મરજીયાત થતા કચેરીઓમાં ભીડ ઘટશે અને પ્રક્રિયામાં માનવીય હસ્તક્ષેપ ઓછો થતા પારદર્શિતા વધશે.

નોંધનીય છે કે અગાઉ તંત્રએ દસ્તાવેજ નોંધણી વખતે વકીલો અને બોન્ડ રાઈટરોની હાજરીને લઈને પણ કડક વલણ અપનાવ્યુ હતું. તે સમયે વકીલોએ વિરોધ કરતા જણાવ્યુ હતુ કે પક્ષકારો કાયદાના જાણકાર ન હોવાથી વકીલોની હાજરી જરૂરી છે. અન્યથા છેતરપીંડીની શકયતા રહે છે. જો કે સરકારે ટેકનોલોજી પર વધુ ભરોસો મુકીને આ વિરોધને ગણકાર્યો ન હતો. નવા નિયમોથી દસ્તાવેજ નોંધણી ઝડપી અને સરળ બનશે. ઓળખ આપનાર સાક્ષી શોધવાની કે તેને કચેરીએ લાવવાની ઝંઝટમાંથી મુકિત મળશે. ટેકનોલોજી આધારીત ઓળખ હોવાથી બોગસ દસ્તાવેજ કે ઓળખ ચોરીના કિસ્સાઓ અટકશે. બાયોમેટ્રીક અને આધાર ડેટાના ઉપયોગથી ભવિષ્યમાં થતા કાનુની લીટીગેશનનુ પ્રમાણ ઘટશે, જો કે જો કોઈ કિસ્સામાં આધાર સર્વરની ખામીને કારણે ઈ-કેવાયસી નિષ્ફળ જાય તો પક્ષકારે ફરજીયાતપણે જુની પધ્ધતિ મુજબ સાક્ષીઓ અને દસ્તાવેજોની ચકાસણી કરાવવી પડશે.

# ગુજરાતના નવા ડીજીપી કોણ? વિકાસ સહાયને એકસટેન્શન મળશે કે નવા ચહેરાની પસંદગી?

## વિકાસ સહાયને ફરી એકસટેન્શન મળવાની શકયતા નહીવત : દિલ્હી મોકલાયેલી પેનલમાં ડો.કે.લક્ષ્મી નારાયણ રાવ, જ્ઞાનેન્દ્રસિંહ મલીક, ડો. નિરજા ગોટરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસબેડામાં હાલ સૌથી વધુ ચર્ચાનો વિષય એક જ છે. રાજયના નવા પોલીસવડા કોણ બનશે ? વર્તમાન ડીજીપી વિકાસ સહાયની એકસટેન્શનની મુદત ૩૧ ડીસેમ્બરે પૂર્ણ થઈ રહી છે. ત્યારે નવા ડીજીપીની નિમણુંકને લઈને સચિવાલય અને પોલીસ આલમમાં અટકળો તેજ બની છે. સુત્રોના જણાવ્યા અનુસાર તારીખ ૨૯ અથવા ૩૦ ડીસેમ્બર સુધીમાં રાજયને નવા પોલીસવડા મળી શકે છે.




વર્તમાન ડીજીપી વિકાસ સહાયને નિવૃત્તિ બાદ ૬ મહિનાનુ એકસટેન્શન આપવામાં આવ્યુ હતું. જેની મુદત આગામી ૩૧ મી ડીસેમ્બરે પુરી થાય છે. જાણવા મળેલી વિગત મુજબ આ વખતે સરકાર તેમને વધુ એકસટેન્શન આપવાના મુડમાં નથી. જો વિકાસ સહાયને એકસટેન્શન ન મળે તો નવા ડીજીપી તરીકે કોની પસંદગી થશે તે એક મોટો પ્રશ્ન છે. ગૃહ વિભાગ દ્વારા સીનીયોરીટીના આધારે ૩ આઈપીએસ અધિકારીઓની પેનલ કેન્દ્ર સરકારને મોકલવામાં આવી હોવાની માહિતી મળી છે. જેમાં મુખ્યત્વે ૩ નામોની ચર્ચા છે. (૧) ડો. કે લક્ષ્મીનારાયણ રાવ (૨) જ્ઞાનેન્દ્રસિંહ મલીક (૩) ડો.નિરજા ગોટરૂ

જેમાં ડો. કે એલ એન રાવ ૧૯૯૩ બેચના છે. જેમનો જન્મ ૧૯૬૭ માં થયેલો છે. તેઓની નોકરીના આશરે બે વરસ બાકી છે. જયારે જી એસ મલીક ૧૯૯૪ ના બેચના છે. તેમનો જન્મ ૧૯૬૮ માં છે અને તેઓ ની આશરે ૩ વરસની ફરજો બાકી છે. જયારે ડો. નિરજા ગોટરૂ ૧૯૯૩ બેચના જેમનો જન્મ ૧૯૬૯ માં થયેલો છે તેઓ એમબીબીએસ, એમએ(મેરી ટાઈમ લો) ૪ વરસની ફરજો બાકી છે. સુત્રોના જણાવ્યા અનુસાર ડો. કે એલ એન રાવ નવા ડીજીપી બને તેવી શકયતા સૌથી વધુ છે. તેની પાછળના મુખ્ય કારણો છે ૧૯૯૩ બેચના અધિકારીઓમાં તેઓ સૌથી સીનીયર છે, જો કે સીનીયોરીટીમાં રજનીશ રાય બીજા નંબરે છે, પરંતુ તેઓ સસ્પેન્ડ હોવાથી તેમનુ નામ રેસમાં નથી. લાંબા સમય સુધી જેલ વિભાગમાં રહ્યા બાદ તાજેતરમાં જ તેમને સ્ટેટ ક્રાઈમ બ્રાન્ચમાં મુકવામાં આવ્યા છે. તેને સરકાર તરફથી અપાયેલો સંકેત માનવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા તેમના કામનુ સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે અને તેઓ કલીન ઈમેજ ધરાવતા શિસ્તબધ્ધ અધિકારી માનવામાં આવે છે.

જયારે અમદાવાદના પોલીસ કમિશ્નર જી એસ મલીક પણ મજબુત દાવેદાર છે. પરંતુ તેમની પાસે હજુ નિવૃત્તિના ૩ વરસ બાકી છે. તેવી જ રીતે ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન ડો.નિરજા ગોટરૂ પાસે પણ ૪ વરસથી વધુનો સમય છે. જો સરકાર સીનીયોરીટીના ક્રમને જાળવી રાખશે તો ડો. કે એલ એન રાવ નુ નામ નિશ્ચિત માનવામાં આવે છે. હવે જોવાનુ એ રહેશે કે ૩૧ મી ડીસેમ્બર પહેલા રાજય સરકાર કયા અધિકાર પર પસંદગીનો કળશ ઢોળે છે.

## રાજયના તમામ પોલીસ કમિશ્નરો અને જિલ્લા વડાઓએ રોજે રોજ તપાસનો રીપોર્ટ કોર્ટમાં રજુ કરવો પડશે

# ચાઈનીઝ દોરી અને તુકકલ સામે ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ: પોલીસને આપ્યા કડક આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે આગામી ઉત્તરાયણપર્વને ધ્યાનમાં રાખીને પ્રતિબંધિત પતંગ દોરીઓના વેચાણ, ઉત્પાદન અને સંગ્રહ સામે કડક અમલવારીના આદેશ આપ્યા છે.

આવી વસ્તુઓના કારણે લોકોના જીવને જોખમ ઉભુ થતુ હોવાથી હાઈકોર્ટે રાજયભરની પોલીસને સ્પષ્ટ અને કડક આદેશો આપ્યા છે.

હાઈકોર્ટે રાજયના તમામ જિલ્લાના પોલીસવડાઓને જાહેર નિર્દેશ આપીને કહ્યુ છે કે પ્રતિબંધિત વસ્તુઓનુ વેચાણ, સંગ્રહ અથવા ઉપયોગ કરનાર સામે તાત્કાલીક અને કડક કાર્યવાહી કરવામાં આવે, સાથે સાથે આવી કાર્યવાહી અંગે રોજીંદો એટલે કે ડે ટુ ડે રીપોર્ટ કોર્ટમાં રજુ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. સરકારે ઉત્તરાયણ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં માત્ર સુરક્ષિત દોરીઓના વેચાણની મંજુરી છે. કોર્ટે દરેક જિલ્લા પોલીસ અધિક્ષકો અને સંબંધિત અધિકારીઓને દૈનિક રીપોર્ટ સબમીટ કરવાના નિર્દેશ આપ્યા છે. આ આદેશથી માનવ જીવન, પક્ષીઓ અને પ્રાણીઓની સુરક્ષા સુનિશ્ચિત થશે. કારણ કે આવી દોરીઓથી અકસ્માતો અને ઈજાઓ વધે છે. ઉત્તરાયણનો આનંદ માણતી વખતે નાગરીકોએ પણ આ નિયમોનુ પાલન કરવુ જરૂરી છે.



# સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં ઈડી એ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના સ્ટાફને પુછપરછ માટે સમન્સ પાઠવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડના સંદર્ભમાં ઈડી એ નાયબ મામલતદાર ચંદ્રસિંહ ભુપતસિંહ મોરીના સ્ટાફને પુછપરછ માટે સમન્સ જારી કર્યા હોવાનુ બહાર આવ્યુ છે. ઈડી એ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસેથી મળેલા દસ્તાવેજોની તપાસ કરવા માટે તેમના સ્ટાફને સમન્સ પાઠવ્યા છે. આ દરમિયાન મોરીનો વહિવટ સંભાળતા સરકારી અધિકારીઓ અને ખાનગી વહિવટકર્તાઓ છુપાઈ ગયા છે. જયારે કેટલાકે કાનુની સલાહ લીધી છે. ઈડી દ્વારા જપ્ત કરાયેલ ડાયરીમાં લખેલા નામો કોડમાં છે. કેટલીક જગ્યાએ એચ એમ, એનજી, એસ જે, કે કે, એચ પી, એલ આઈ એમ વગેરે જેવા નામો પૈસાની રકમ સાથે લખાયેલા છે.



ઈડી અધિકારીઓ આ અંગે ચંદ્રસિંહ મોરીની પુછપરછ કરી રહ્યા છે. વધુમાં ડાયરી અને દસ્તાવેજોની યાદીમાં ઉર્ફે ગૌતમ, ઉર્ફે જયપાલસિંહ, ચેતન, પાસા, સિરાજ, નિલેશ, બી જે એમ, ગલચર, કાના, આશિષ ઉમિયા, રાકેશ, સંજયસિંહ, મિતુલ અને મેહુલના નામ છે. ઈડી અધિકારીઓએ ડાયરી અને દસ્તાવેજોમાં ઉલ્લેખીત નામો અને રકમની તપાસ કરી છે. સુત્રોના જણાવ્યા અનુસાર જમીન માટે એનએ (બિનકૃષિ) દરજજો મેળવવામાં સામેલ ઘણા વચેટીયાઓ અને વકીલોના નામ પણ સપાટી પર આવ્યા છે. પરંતુ ચાલુ તપાસને કારણે ઈડી અધિકારીઓ હાલમાં કોઈ ટીપ્પણી કરવા તૈયાર નથી. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના મોબાઈલ ફોનમાંથી કેટલાક ડેટા મળી આવ્યા છે. જેના કારણે કલેકટર કચેરીના કર્મચારીઓને મોટા પાયે નાણાંકીય વ્યવહારો થયા છે કે કેમ તે તપાસવા માટે સમન્સ મોકલવામાં આવ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર ઈડી આગામી દિવસોમાં લગભગ એક ડઝન વરીષ્ઠ અધિકારીઓને પુછપરછ માટે સમન્સ મોકલે તેવી શકયતા છે.

# મહિસાગર જિલ્લાના કડાણામાં ૧૪ વરસની બાળકી પર પાડોશી આધેડનુ દુષ્કર્મ: માતાની દવા અપાવવાના બહાને ખેતરમાં લઈ જઈ ગુજાર્યુ દુષ્કર્મ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના એક ગામમાં રહેતી ૧૪ વરસની સગીરા પર તેના જ પાડોશમાં રહેતા એક આધેડે દુષ્કર્મ ગુજાર્યુ હોવાની ચકચારી ઘટના બહાર આવી છે. વિશ્વાસઘાત અને હેવાનીયતની આ ઘટનાએ સ્થાનિક રહિશોમાં ભારે આક્રોશ જન્માવ્યો છે.




મળતી માહિતી અનુસાર નરાધમ આધેડે બાળકીને વિશ્વાસમાં લેવા માટે તેની માતાની બિમારીનો સહારો લીધો હતો. તેણે બાળકીને લાલચ આપી હતી કે તે તેની માતા માટે દવા લેવા જઈ રહ્યો છે અને તેને સાથે આવવા જણાવ્યુ હતું. માસુમ બાળકી પાડોશીના મલીન ઈરાદાઓથી અજાણ હોવાથી તેની સાથે જવા તૈયાર થઈ ગઈ હતી. જો કે આધેડ તેને દવાખાને લઈ જવાને બદલે સીમમાં આવેલ એકાંત ખેતરમાં લઈ ગયો હતો. ખેતરમાં લઈ ગયા બાદ નરાધમે બાળકી પર દુષ્કર્મ ગુજાર્યુ હતું. આધેડની હેવાનીયત એટલે હદે વધી ગઈ હતી કે તેણે બાળકીના શરીરના વિવિધ ભાગો પર બચકા ભરીને તેને ગંભીર ઈજાઓ પહોચાડી હતી. આ ક્રૂરતાને કારણે બાળકી શારીરિક અને માનસિક રીતે અત્યંત આઘાતમાં સરી પડી હતી.

આ સમગ્ર મામલે બાળકીના પરીવારજનોને જાણ થતા તુરંત પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કડાણા પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગુન્હો નોંધી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં ફરજ દરમિયાન પોલીસ કર્મચારીનું હાર્ટ એટેકથી નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

રાજયમાં હાર્ટ એટેકથી મોતની વધુ એક ઘટના સામે આવી છે. સુરત શહેરમાં ફરજ દરમિયાન હાર્ટ એટેક આવવાથી પોલીસ કર્મચારીનું મોત થયું છે. સુરતના મરીન પોલીસ મથકમાં PSO તરીકે ફરજ બજાવતા સુખદેવ વસાવાનું હાર્ટ એટેકથી નિધન થયું છે. પોલીસકર્મીના નિધનથી પોલીસ વિભાગમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સુરતમાં મરીન પોલીસ મથકમાં PSO તરીકે કાર્યરત સુખદેવ વસાવા અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. સાથે પોલીસ કર્મચારીઓ તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લાવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા સુખદેવ વસાવાનું દુખદ નિધન થયું છે.